# તે બીજાઓને સોંપી દો

# *Foundations for a Christ-Centered Leadership Movement*

**Equipping leaders with biblical values, strategies and practices for personal transformation, organizational change, and ministry multiplication**

MentorLink INTERNATIONAL
www.mentorlink.org

# અનુક્રમણિકા

## વિભાગ ૧ – ખ્રિસ્ત-કેન્દ્રિત આગેવાનો વિકસાવવા ની જરુરિયાત


- મંડળીની તાતી જરુરિયાત.......................................................... ૩
- મેન્ટરીંગ શું છે?.................................................................... ૪
- રૂપાંતરકારી મેન્ટરીંગ ની વ્યાખ્યા.............................................. ૫


## વિભાગ ૨ – ખ્રિસ્ત-કેન્દ્રિત આગેવાનો વિકસાવવા માટે હાર્દમાં રહેલી બાબતો


- રૂપાંતરકારી મૂલ્યો માં સ્થાનાંતર............................................... ૬
- મૂલ્ય સ્થાનાંતરઃ ૧- ઈશ્વરનું રાજ્ય બાંધવું..................................... ૭
- મૂલ્ય સ્થાનાંતરઃ ૨- કૃપાનું વાતાવરણ ........................................ ૧૦
- મૂલ્ય સ્થાનાંતરઃ ૩- સેવાભાવી આગેવાની ...................................... ૧૩
- મૂલ્ય સ્થાનાંતરઃ ૪- સહકાર અને સમાજ........................................ ૧૬
- મૂલ્ય સ્થાનાંતરઃ ૫- હેતુપૂર્વક આગેવાનોની ગુણાંકારી વૃદ્ધિ ............................ ૧૯
- કુટુંબમાં મેન્ટરીંગ .................................................................. ૨૨


## વિભાગ ૩ – ખ્રિસ્ત-કેન્દ્રિત આગેવાનો વિકસાવવાની કુશળતા


- તમારી જીવનકથા કહેવી .............................................................. ૨૫
- મેન્ટરીંગ સંબંધોની શરુ કરવાનાં પગથિયા....................................... ૨૬


## વિભાગ ૪ – ખ્રિસ્ત-કેન્દ્રિત આગેવાનોની ચળવળ વિકસાવવી


- બાઈબલમાં ઈશ્વરની ચળવળો અને આજની ચળવળો .................................... ૨૭
- ACTION PLANS ................................................................... ૨૯
- મેન્ટરલીંક ટીમ માટે આપનાં સૂચનો................................................ ૩૧


MentorLink International counts it a privilege to serve you in the Body of Christ. This *Passing It On!* manual has been developed by many people and field tested in numerous countries around the world.

We come with a heart to serve you. Our prayer and our vision is for every believing community to have effective Christ-like leaders, and for all leaders to have effective Christ-like mentors. We pray that grassroot movements of Christ-like leadership development will spontaneously and intentionally emerge where you live and serve God.

The MentorLink Leadership Team

Permission is granted to copy this *Passing It On!* manual without modification.

©2012 MentorLink International. All Rights Reserved

# વિભાગ ૧ – ખ્રિસ્ત-કેન્દ્રિત આગેવાનો વિકસાવવાની જરુરિયાત
# મંડળીની તાતી જરુરિયાત

**આપણું સેવાકાર્ય:** ઈસુ જેવી આગેવાની આપવા માટે આગેવાનો વિકસાવવા.

**આપણું દર્શન:** વિશ્વાસીઓના દરેક જનસમૂહ માટે અસરકારક આગેવાનો, અને દરેક આગેવાન માટે અસરકારક ખ્રિસ્ત-કેન્દ્રિત મેન્ટર.




- **ઈસુ જેવી આગેવાની આપવી - "અંદર થી બહાર " (from inside - out) આગેવાનીનો વિકાસ**
  - ✓ સેવકપણા માટેનું તેડું
  - ✓ ચારિત્ર્ય અને હૃદયને લગતી બાબતો પર પ્રકાશ પાડવો
  - ✓ અરસપરસના સંબંધ પર હેતુપૂર્વક ભાર મૂકવો

- **પરિણામ - ઈશ્વરના રાજ્યની ચળવળ માટે ઈશ્વરના રાજ્યના આગેવાનોની વૃદ્ધિ**
  - ✓ આગેવાનોમાં ગુણવત્તાનો વધારો
  - ✓ આગેવાનોની સંખ્યામાં વધારો

આ"રૂપાંતરકારી મુલાકાત" (Transformational Encounter) માં આપનું સ્વાગત છે. આ દિવસોમાં આપણે સાથે મળીને વૃદ્ધિ પામીએ માટે આપણે ઈશ્વરને પ્રાર્થીએ છીએ કે તેમની હાજરી આપણી મધ્યે રહે. આ મુલાકાતમાં, આપણને સાથે મળીને વિચારવાની, અભ્યાસ કરવાની, વાતચીત કરવાની તથા પ્રાર્થના કરવાની તક મળશે.

©2012 MentorLink International. All Rights Reserved

# મેન્ટરીંગ શું છે?

## બે પ્રશ્નો

૧. તમારા જીવનમાં ખૂબ જ ઊંડી આત્મિક અસર પહોંચાડનાર વ્યક્તિઓનાં નામ લખો.

૨. તેમનામાં એવું તે શું હતું કે જેણે તમારા જીવનમાં અસર ઉપજાવી?

## બાઈબલ આધારિત મેન્ટરીંગ

નીચેનાં શાસ્ત્રભાગો વાંચવા અને તે વિષે ચર્ચા કરવા થોડો સમય કાઢો.

- યોહાન ૧૩:૫ – ૧૫
- યોહાન ૧૫:૧૩ – ૧૬
- પ્રેરિતોનાં કૃત્યો ૧૧:૨૧ – ૨૬
- પ્રેરિતોનાં કૃત્યો ૧૮:૨૪ – ૨૭
- ૨ તીમોથી ૩:૧૦ – ૧૫
- ૨ તીમોથી ૨:૧ – ૨

નીચેના પ્રશ્નોના પ્રકાશમાં આ શાસ્ત્રભાગોમાંથી મેન્ટરીંગ વિશેના તમારા વિચારોની નોંધ કરો.

૧. અસરકારક મેન્ટરનાં લક્ષણો શું છે?

૨. મેન્ટરીંગ ની પ્રક્રિયામાં મેન્ટર શું કરે છે?

૩. આ મેન્ટરીંગ ની પ્રક્રિયાનું પરિણામ શું આવે છે?

©2012 MentorLink International. All Rights Reserved

# રૂપાંતરકારી મેન્ટરીંગ ની વ્યાખ્યા

**રૂપાંતરકારી મેન્ટરીંગ એટલે... પહેલ કરીને બીજાઓની જીવનયાત્રામાં જોડાવું અને ઈશ્વરના એક સાધનરૂપ બનીને તેઓને મદદ કરવી, જેથી ઈશ્વર તેઓને જે બનાવવા માગે છે તે તેઓ બને તથા ઈશ્વર તેઓ પાસે જે કરાવવા માગે છે તે તેઓ કરે.**

## ૧. પહેલ કરવી – ઈરાદાપૂર્વક પસંદગી કરીને હું...

- મારા મેન્ટરીંગ સંબંધોમાં ઈશ્વરના હૃદય તથા માર્ગદર્શન માટે પ્રાર્થના કરીશ.
- ઈશ્વરે મને જે આપ્યું છે તે બીજાઓ સુધી પહોંચાડવાની મનોવૃત્તિ ધરાવીશ.
- મેન્ટરીંગ માટે મારી અગ્રિમતાઓને તથા કાર્યસૂચિને ગોઠવીશ.
- શક્ય મેન્ટરર્સ અને મેન્ટીઝને ખોળી કાઢીશ.

## ૨. જીવનયાત્રામાં જોડાવું – મેન્ટરીંગ સંબંધોમાં હું...

- એકધારી રીતે પ્રાર્થનામાં સાથે સમય કાઢીશ અને બીજાઓનો વિશ્વાસ જીતીશ.
- વિશ્વાસ કેળવીશ, તે વડે જીવન મુસાફરીમાં જોડાવાની સંમતિ મેળવીશ.
- બીજાઓને ઊંડી આત્મિયતામાં આમંત્રવા માટે મારી જીવન કથની યોગ્ય રીતે રજૂ કરીશ.
- બીજાઓના હૃદયને ખરા અર્થમાં સમજવા માટે આંતરસૂઝલક્ષી પ્રશ્નો પૂછીશ તથા ધ્યાનપૂર્વક સાંભળીશ.
- વિકાસ માટેના જરૂરી પાસાંઓને પારખવા માટે મેન્ટીસના જીવનના સંબંધોને લગતા મૂખ્ય પાસાંઓ (ઈશ્વર, કુટુંબ, નાણાં, સેવા, વગેરેને લગતી બાબતો) નું અવલોકન કરીશ.

## ૩. અને ઈશ્વરના સાધનરૂપ બનીને મદદ કરવી – હું...

- ખ્રિસ્તના અનુયાયી તરીકે મારા પોતાના જીવનમાં જીવનભર શીખવા અને વિકાસ પામવાનો નમૂનો આપીશ.
- મારા પોતાના વિકાસ, પ્રશ્નો અને સંઘર્ષ વિષે મેન્ટીઝ સાથે પ્રામાણિક અને પારદર્શક બનીશ.
- મેન્ટીઝનાં જીવનોમાં બીજાં જેઓની અસર ઉપજે છે તેઓને સહકાર આપીશ.
- અમારા સંબંધોમાં નિયંત્રિત વલણ સાથે સેવકનું હૃદય જાળવી રાખીશ.

## ૪. જેથી ઈશ્વર તેઓને જે બનાવવા માગે છે તે તેઓ બને તથા ઈશ્વર તેઓ પાસે જે કરાવવા માગે છે તે તેઓ કરે – હું...

- તેઓનાં જીવનોમાં ઈશ્વરનાં પ્રકટીકરણ અને તેડા માટે પ્રાર્થના કરીશ.
- ઈશ્વરે તેમને આપેલ પ્રતિમા (દાનો, શક્તિઓ, ઉત્સાહ) અને તેડાને ઓળખવા અને વિકાસ કરવા તેમને મદદ કરીશ.
- મેન્ટીઝના વિકાસમાં ફાળો આપવાની મારી ક્ષમતા ઉપરાંત વૃદ્ધિ પામવા માટે વ્યક્તિને મોકળાશ આપીશ.
- તેઓને પડકાર આપીશ કે તેઓ બીજાઓનું મેન્ટરીંગ કરે અને બીજાઓના જીવનોમાં ગુણકારી વૃદ્ધિ પામે (ઈશ્વરપિતાના સહકારમાં – કારણ કે તે એકલા જ જીવનોનું રૂપાંતર કરી શકે છે).

©2012 MentorLink International. All Rights Reserved

# વિભાગ ૨ – ખ્રિસ્ત-કેન્દ્રિત આગેવાનો વિકસાવવા માટે હાર્દમાં રહેલી બાબતો

## આપણી આત્મિક "પ્રકૃતિ"

આપણ દરેકનો એક જન્મજાત આત્મિક સ્વભાવ છે કે જેને બાઈબલ "દેહ" તરીકે ઓળખાવે છે. દેહ એ તો આપણ માનવજાતની પતિતાવસ્થાનું જૂની યાદો અને આદતો સહિતનું આપણું શારીરિક બંધારણ સૂચવે છે.

## દેહ વિરૂદ્ધ આત્મા

જ્યારે વ્યક્તિ નવો જન્મ પામે છે ત્યારે એક નવું ગતિચક્ર કાર્યરત બને છે. પવિત્ર આત્મા વ્યક્તિ તરીકે આપણને નવો સ્વભાવ અને નવો સ્રોત આપે છે. પરંતુ જ્યાં સુધી આપણે પવિત્ર આત્મા પર આધાર રાખતા નથી (ગલાતી ૫:૧૬ - ૨૫; રૂમી ૮:૧ – ૧૩), ત્યાં સુધી આપણો "જન્મજાત પાપી સ્વભાવ" જોર કરતો રહે છે.

## આગેવાનીમાં પાપી સ્વભાવ

સંસ્કૃતિ, ભાષા કે સંપ્રદાય ગમે તે હોય, ખ્રિસ્તી આગેવાનો પણ ઘણી જગિક આગેવાની જેવી જ કેટલીક દૈહિક વૃત્તિઓ ધરાવતા હોય છેઃ દા.ત. અંકુશ, અધિકાર, ઢોંગ, અભિમાન, વિગેરે. ઈસુની માફક આગેવાની આપતો આગેવાન પવિત્ર આત્માના સામર્થ્યમાં ચાલીને તથા તેમના રૂપાંતરકારી મૂલ્યો જીવનમાં ઉતારીને ખ્રિસ્તને અનુસરે છે.

## રૂપાંતરકારી મૂલ્યો માં સ્થાનાંતર

| આગેવાનીના મૂલ્યોને મૂકી દે છે અને દેહનાં કૃત્યો કરે છે | | આગેવાનીનાં મૂલ્યોને વળગી રહે છે અને આત્માનાં કૃત્યો કરે છે |
|---|---|---|
| **પોતાનું રજવાડું બાંધવું**<br>ઈશ્વર આ જગતમાં મુખ્યત્વે મારી, મારી સેવા, કે મારી સંસ્થા દ્વારા કાર્ય કરી રહ્યા છે તેવું માનવું અને વર્તવું; તથા બીજાં ખ્રિસ્તીઓ "ઓછું મહત્વ" ધરાવે છે તેમ માનીને તેઓથી અતડા રહીને કામ કરવું. | ➔ | **ઈશ્વરનું રાજ્ય બાંધવું**<br>ઈશ્વરના રાજ્ય અંગે સર્વાંગી સમજણ અને ખ્રિસ્તનો મહિમા શોધે તથા ઈશ્વરના રાજ્યનો વિશ્વવ્યાપી ફેલાવો થાય તેવો દૃષ્ટિકોણ ધરાવે છે. |
| **નિયમવાદ / સ્વચ્છંદતા**<br>કંઈક કરી દેખાડવાની વૃત્તિ અથવા અંકુશના વાતાવરણમાં જીવવું અને આગેવાની આપવી કે જે ચડસાચડસી, ટીકાત્મક વલણ, સ્વન્યાયીપણાનું ઘમંડ અને હતાશા ઉપજાવે. | ➔ | **કૃપાનું વાતાવરણ**<br>ખ્રિસ્તના કાર્યની પરિપૂર્ણતા આધારિત આગેવાની; નમ્રતા, નિખાલસતા અને પ્રેમમાં જીવવું અને આગેવાની આપવી; બીજાઓ સાથે સ્વીકૃતિ, માફી, પ્રામાણિકતા અને પ્રેમાળ હિસાબદારીભર્યું વર્તન રાખવું. |
| **જોહુકમી આગેવાની**<br>મુખ્યત્વે પદ, અધિકાર અને રાજનૈતિક પ્રભાવ હેઠળ આગેવાની આપવી; અવારનવાર ગરબડ ગોટાળા કે સંસ્થાકીય અધિકાર પર આધાર રાખવો; બીજાઓ પર ભરોસો અને બીજાઓને સક્ષમ બનાવવાની બાબતનો અભાવ હોવો. | ➔ | **સેવાભાવી આગેવાની**<br>આધારભૂત સંબંધો, એકનિષ્ઠતા અને સેવા વડે બીજાઓને આગેવાની આપવી અને તેઓ પર અસર ઉપજાવવી; બીજાઓની જરૂરિયાતો પૂરી પાડવા માટે પોતાની જાતને સમર્પિત કરવી અને તેઓને સફળતા મેળવવા માટે સક્ષમ કરવા. |
| **એક હથ્થુ આગેવાની**<br>આગેવાનીની જવાબદારીના દરેક ક્ષેત્રમાં પોતે સમર્થ-યોગ્ય હોવાનો પ્રયત્ન કરે છે; તણાવ હેઠળ રહીને સંબંધોમાં અંતર રાખી જીવતો આગેવાન; બીજા સાથે મળીને કાર્ય કરવામાં મુશ્કેલી. | ➔ | **"ટીમ" આગેવાની**<br>સાથ સહકારમાં ભેગા મળીને ઈશ્વરનું કાર્ય કરનાર જૂથના એક ભાગ તરીકે આગેવાની આપવી; સંબંધો, પરસ્પર હિસાબદારી, કાર્ય વહેંચણી અને બીજાઓને સક્ષમ બનાવવા દ્વારા અસર પહોંચાડવી. |
| **આકસ્મિક રીતે બીજા આગેવાનાનો ઉમેરો**<br>મુખ્યત્વે ચીલાચાલુ બંધારણીય કે નિશ્ચિત કાર્યક્રમો પર આધાર રાખવા દ્વારા થોડાક અને અપૂરતી સંખ્યામાં આગેવાનો તૈયાર થાય છે. આના મૂળ સંખ્યા પર રાખેલા લક્ષમાં હોય છે. (આંકડા અને દેખિતા પરિણામો). | ➔ | **હેતુપૂર્વક આગેવાનોની ગુણાંકારી વૃદ્ધિ**<br>જેઓનાં હૃદયની ઈચ્છા અને સ્વાર્પણ નમ્રતા પૂર્વક તથા પદ્ધતિસર ઈશ્વરના રાજ્યને વિસ્તારવું તે હોય. તેવા ભેટ-તાલંત ધરાવતા, પોતાના જેવા બીજાઓને તૈયાર કરનાર આગેવાનોનો મેન્ટરીંગ દ્વારા ગુણાકારી વિકાસ કરવો. |

ઈસુએ કહ્યું, "તમે જાણો છો કે વિદેશીઓના રાજાઓ તેઓ પર ધણીપણું કરે છે, ને જેઓ મોટા છે તેઓ તેઓના ઉપર અધિકાર ચલાવે છે. પણ તમારામાં એવું ન થાય..." માથ્થી ૨૦:૨૫ – ૨૬.

©2012 MentorLink International. All Rights Reserved 

## મૂલ્ય સ્થાનાંતરઃ ૧
## પોતાનું રજવાડું બાંધવાથી લઈને ઈશ્વરનું રાજ્ય બાંધવા તરફ

"પણ તમે પહેલાં તેના રાજ્યને તથા તેના ન્યાયીપણાને શોધો, એટલે એ વાનાં પણ તમને અપાશે."

માથ્થી ૬:૩૩

એક આગેવાન કે જે ઈસુ ખ્રિસ્ત દ્વારા રૂપાંતર પામી રહ્યો છે તે...એવી વ્યક્તિ છે કે જેનું લક્ષ પોતાનું રજવાડું બાંધવા (એટલે પોતાની જાતને, પોતાની સેવાને કે પોતાની સંસ્થાને આગળ કરવા)થી લઈને – ઈશ્વરનું રાજ્ય બાંધવા (એટલે ખ્રિસ્તનો મહિમા તથા જીવનના, સેવાના અને સંસ્કૃતિના દરેક પાસાને સ્પર્શ થાય એ રીતે દેવના રાજ્યની ઉન્નતિ શોધવા) તરફ બદલાય છે.

*નવા કરારનો પ્રસંગ અભ્યાસઃ*

*દિયત્રેફેસ*

એક એવો આગેવાન કે જેણે પોતાનું રાજ્ય બાંધ્યું, ઈશ્વરનું નહિ

### *"સામ્રાજ્ય / રજવાડું બાંધવું"*

મેં મંડળીને કંઈ લખ્યું; પણ દિયત્રેફેસ, જે તેઓમાં મુખ્ય થવા ચાહે છે, તે અમારો અંગીકાર કરતો નથી. એ માટે જો હું આવીશ તો તે જે કામો કરે છે તે [કામો]ને હું યાદ કરાવીશ; તે અમારી વિરુદ્ધ ભૂંડું બોલીને બકબક કરે છે, અને એટલેથી સંતુષ્ટ ન થઈને, તે પોતે ભાઈઓનો અંગીકાર કરતો નથી; તેમ જ જેઓ એમ કરવાની ઈચ્છા રાખે છે તેઓને અટકાવે છે, અને મંડળીમાંથી તેઓને બહિષ્કૃત કરે છે.

વહાલા, ભૂંડાનું નહિ પણ સારાનું અનુકરણ કર.

૩ યોહાન ૯ – ૧૧

- દિયત્રેફેસને શા માટે વખોડી કાઢવામાં આવ્યો? (૯-૧૦)

- આવી ભૂંડી મહત્વાકાંક્ષા માટે યોહાન શી ચેતવણી આપે છે? (૧૧)

### *"રાજ્ય બાંધવું"*

પણ હું પ્રભુમાં આશા રાખું છું કે, હું તીમોથીને તમારી પાસે વહેલો મોકલીશ, જેથી તમારી ખબર જાણીને હું પણ ઉલ્લાસી થાઉં. કેમ કે તમારી કાળજી બરાબર રાખે એના જેવી પ્રકૃત્તિનો બીજો કોઈ મારી પાસે નથી. કેમ કે સઘળા માણસો ખ્રિસ્ત ઈસુની વાત નહિ, પણ પોતાની જ વાત શોધે છે. પણ તમને અનુભવથી ખાતરી થઈ છે કે જેમ દીકરો બાપની સાથે [કામ કરે],તેમ તેણે સુવાર્તા [ના પ્રસાર]ને સારુ મારી સાથે સેવા કરી.

- ફિલિપ્પીઓ ૨:૧૯ – ૨૨

- તીમોથીને કઈ બાબત માટે સન્માનવામાં આવ્યો? (૧૯-૨૧)

- આ બાબતોથી પાઉલને કેવો આનંદ થયો ? (૨૨)

*નવા કરારનો પ્રસંગ અભ્યાસ*

*તીમોથી*

એક એવો આગેવાન કે જે ઈશ્વરનું રાજ્ય બાંધે છે, પોતાનું નહિં

©2012 MentorLink International. All Rights Reserved

## ઈશ્વરના રાજ્યના આગેવાનોનું મેન્ટરીંગ કરવાની પ્રક્રિયા

પિતરને ઈસુ દ્વારા પસંદ કરવામાં આવ્યો હતો અને ઈશ્વરના રાજ્યસ્થાપનમાં ખાસ સ્થાન આપવામાં આવ્યું હતું. પરંતુ એનો અર્થ એ ન હતો કે પિતર પોતાનો લાભ ન શોધે માટે તારનાર પ્રભુ તથા મેન્ટર ઈસુ ખ્રિસ્ત તરફથી તેને પ્રોત્સાહન, હિસાબદારી, અને સુધારાની જરૂર ન હતી.

અહીં માથ્થી ૧૬:૧૩ – ૨૮ માં આપેલ રૂપાંતરકારી મેન્ટરીંગ પ્રક્રિયાની નોંધ લો.

- પિતરની કબૂલાતની નોંધપાત્ર બાબત શું હતી? (૧૫-૧૭)

- પિતર કેવી રીતે તેની દૈહિક વૃત્તિઓ તરફ વળ્યો અને ઈસુએ તેનો કેવી રીતે પ્રત્યુત્તર આપ્યો? (૨૨-૨૩)

- શું આ સખત ઠપકાથી ઈશ્વરના રાજ્યના આગેવાન તરીકેની પિતરની શક્તિઓ કે સ્થાન સીમિત થયાં? ઈસુના શબ્દો પિતર અને બીજાઓ માટે કેવી રીતે ઉત્તેજનરૂપ બન્યા? (૨૪-૨૮)

જેમ જેમ પિતર ઈશ્વરના રાજ્યનું મન ધરાવનાર આગેવાન તરીકે વૃદ્ધિ પામ્યો તેમ તેમ, ૨ પિતર ૨: ૧-૩માં "સામ્રાજ્ય / રજવાડું બાંધતા" ખોટા શિક્ષકો અને આગેવાનો વિષે મંડળીને તેણે આપેલી ચેતવણીની નોંધ લો.

- મંડળીને ખોટા શિક્ષકો સંબંધી આવી સખત ચેતવણી આપવા માટે પિતર શા માટે મોકળાશ અનુભવે છે? (૧-૨)

- ખ્રિસ્તની મંડળીમાં આગેવાનો તરીકે, આપણે આપણી જાતને આપણે શાનાથી સાચવવી જોઈએ? આપણે કઈ બાબતથી ઉત્તેજન પામી શકીએ?

### *એક દ્રષ્ટિપાત... ઈશ્વરનાં રાજ્યનાં મૂલ્યનાં સ્થાનાંતર પર*

### આ મૂલ્યના સ્થાનાંતર વિષે તમારા નાના જૂથમાં નીચેના પ્રશ્નોની ચર્ચા કરો:

૧. આ મૂલ્ય સ્થાનાંતર ખરેખર છે શું? તમારા પોતાના શબ્દોમાં તે વ્યક્ત કરો.

૨. આપણા પ્રદેશમાં આગેવાનીની સંસ્કૃતિ માં આ મૂલ્ય સ્થાનાંતર સંબંધી તમારૂં મંતવ્ય શું છે?

©2012 MentorLink International. All Rights Reserved

# રૂપાંતરકારી મૂલ્ય – ૧ અંગત મૂલ્યાંકન

નીચે દર્શાવેલ રૂપાંતરકારી મૂલ્યોમાં તમે તમારા વિચારોમાં, મૂલ્યોમાં અને આચરણમાં ક્યાં છો તેનું મૂલ્યાંકન કરો. ડાબા-જમણા બન્ને વિધાનોની જોડીમાં તમે ક્યાં છો તે દર્શાવવા મધ્યના ખાનાંઓમાં આપેલ કોઈ એક આંકડા પર વર્તુળ કરો. ઉદાહરણ તરીકે જો ડાબી તરફના ખાનામાં આપેલું વિધાન તમને મોટેભાગે લાગુ પડે છે તો "૧" આપો; અને જો જમણી તરફનું ખાનું લાગુ પડે છે તો "૧૦" આપો; અને જો તમે બન્ને વિધાનોની વચ્ચે છો તો "૫". સૌથી નીચે આપેલ લાગુકરણનાં પ્રશ્નોનાં પ્રત્યુત્તર પણ આપશો.

| પોતાનું રજવાડું બાંધવા થી ... | | ...ઈશ્વરનું રાજ્ય બાંધવા તરફ |
|---|---|---|
| મને ઈશ્વરના રાજ્ય કે તેના મૂલ્યો વિષે સ્પષ્ટ ખ્યાલ નથી | **ઈશ્વરના રાજ્યને સમજવું**<br>૧-૨-૩-૪-૫-૬-૭-૮-૯-૧૦ | હું ઈશ્વરના રાજ્યને સમજુ છું અને હું તેને બાંધવા માંગું છું, પછી ભલે ને મારે ગમે તે કિંમત ચૂકવવી પડે |
| ઈશ્વરના રાજ્ય તરીકે હું મારી સેવા, મારો ધંધો, મારી મંડળી, મારૂં કુટુંબ વગેરે દર્શાવવાનો પ્રયત્ન કરૂં છું. ઈશ્વરે આ બધું મને આપ્યું છે | **માલિકીપણું**<br>૧-૨-૩-૪-૫-૬-૭-૮-૯-૧૦ | મારી સેવા, ધંધો, મંડળી, કુટુંબ, વગેરે ઈશ્વરનાં છે, તે આપે છે અને લઈ પણ શકે છે. ગમે તે થાય પણ હું તેમના નામને ધન્યવાદ આપીશ |
| મારી નોંધ લેવામાં આવે તેવું હું ઈચ્છું છું. માટે મારી સેવા એ મારી પ્રતિભા અને મારી શાખ સંબંધિત છે | **મહિમા**<br>૧-૨-૩-૪-૫-૬-૭-૮-૯-૧૦ | સેવા એ તો સંપૂર્ણપણે ઈશ્વર સંબંધિત છે. મારી અંતઃકરણની ઈચ્છા છે કે તે માન અને મહિમા પામે |
| સફળતાનો જશ(શ્રેય) મને મળવો જોઈએ. નિષ્ફળતા માં બીજાઓ પર દોષારોપણ થાય | **સફળતા અને નિષ્ફળતા**<br>૧-૨-૩-૪-૫-૬-૭-૮-૯-૧૦ | સફળતા માટે બધો જશ(શ્રેય) ઈશ્વરને મળે અને મારી ભૂલો તથા નિષ્ફળતાઓનો દોષ હું લઉં |
| મારો મોટાભાગનો સમય અને શક્તિ મારું પોતાનું સામ્રાજ્ય / રજવાડું બાંધવામાં લગાવું છું | **અગ્રિમતા**<br>૧-૨-૩-૪-૫-૬-૭-૮-૯-૧૦ | હું મારો મોટાભાગનો સમય અને શક્તિ ખ્રિસ્તનું રાજ્ય બાંધવામાં ખર્ચું છું |
| સહભાગિતા માટે મારી પાસે રસ, સમય, કે સગવડ નથી. સેવાને હું બીજા સેવકો તથા બીજી સેવાઓ સાથેની મારી હરિફાઈ તરીકે જોઉં છું | **સહભાગિતા**<br>૧-૨-૩-૪-૫-૬-૭-૮-૯-૧૦ | હું સહભાગિતામાં કાર્ય કરું છું કારણ કે જ્યારે ઈશ્વરનું શરીર સાથે મળીને સહકારથી કાર્ય કરે છે ત્યારે ઈશ્વર આશીર્વાદ આપે છે. |
| પ્રાર્થના એક સારો વિચાર છે, પરંતુ હું ખૂબ જ વ્યસ્ત હોવાને લીધે પ્રાર્થનાને અગ્રિમતા આપી શકતો નથી | **પ્રાર્થનાની અગ્રિમતા**<br>૧-૨-૩-૪-૫-૬-૭-૮-૯-૧૦ | મારે ખૂબ જ અગત્યનાં કાર્યો છે જેના કારણે મારે ઈશ્વર સાથે સમય ગાળવો જ જોઈએ. |
| જે લોકોની સેવા કરવાનું મને તેડું મળ્યું છે, તેઓની અપેક્ષાઓ પૂરી કરવા માટે હું સંપૂર્ણ રીતે તેઓની સેવામાં મારી જાતને રોકેલી રાખું છું. | **અપેક્ષાઓ**<br>૧-૨-૩-૪-૫-૬-૭-૮-૯-૧૦ | હું મારા લોકોને પ્રશિક્ષિત કરું છું કે તેઓ પોતાની અપેક્ષાઓને ઈશ્વરના મહાન રાજ્યની અપેક્ષાઓ સાથે સુસંગત કરે |

## લાગુકરણ:

- આ રૂપાંતરકારી મૂલ્યનાં ડાબી તરફથી જમણી તરફના સ્થાનાંતર વિષે તમારા અંગત મૂલ્યાંકનના આધારે તમારે કયા ફેરફાર કરવાની અગત્ય છે તે વિષે ઈશ્વર તમને શું કહે છે?
- કઈ બાબત તમને ડાબી તરફના કોઠામાં "જકડી" રાખે છે? કયો ભય? કયા ભૂતકાળના અનુભવો?
- તમારા માટે ખરો પસ્તાવો કેવો હશે?

©2012 MentorLink International. All Rights Reserved

## મૂલ્ય સ્થાનાંતર – ૨

### નિયમવાદ / સ્વચ્છંદતામાંથી કૃપાના વાતાવરણ તરફ

"તો મારો આનંદ એવી રીતે સંપૂર્ણ કરો કે, તમે એક જ મનના થાઓ, એક સરખો પ્રેમ રાખો, એક જીવના તથા એક દિલના થાઓ. પક્ષાપક્ષીથી કે મિથ્યાભિમાનથી કંઈ ન કરો, દરેકે નમ્ર ભાવથી પોતાના કરતાં બીજાઓને ઉત્તમ ગણવા. તમે દરેક પોતાના હિત પર જ નહિ, પણ બીજાઓના હિત પર પણ લક્ષ રાખો" ફિલિપ્પી ૨:૨-૪

આગેવાન કે જે ઈસુ ખ્રિસ્ત દ્વારા રુપાંતર પામી રહ્યો છે તે... એવી વ્યક્તિ છે કે જે કૃપાના સામર્થ્ય અને અજાયબીથી ઉત્તરોત્તર તથા અંગત રીતે જકડાયેલ છે; જેણે ભંગિતપણું અને દયા અનુભવ્યા છે; અને જે બીજાઓ સાથે પણ એવો જ સ્વીકૃતિ, દયા અને પ્રેમસભર વ્યવહાર રાખે છે.

## ચુસ્ત નિયમ પાલન અને અંકુશ બીજાઓ પ્રત્યે કેવી રીતે વર્તે છે?

માથ્થી ૨૩:૧૩-૨૮ વાંચો જેમાં ઈસુ ઈસ્રાએલના ધાર્મિક આગેવાનોને સંબોધતાં તેઓ વિશે વાત કરે છે, આ આગેવાનો રૂપાંતરકારી મૂલ્યો પ્રમાણે, "ડાબી તરફના આગેવાનો" કહી શકાય.

૧. આ કલમો પ્રમાણે કડક નિયમપાલન વિષે ઈસુનો પ્રતિભાવ શું છે તે સ્પષ્ટપણે વર્ણવો.

૨. આ કલમો પ્રમાણે કડક નિયમપાલન આધારિત આગેવાનીના પરિણામો શું છે?

૩. શા માટે અથવા કેવી રીતે આગેવાન નિયમોને વળગી રહેનાર બને છે?

## કૃપા બીજાઓ સાથે કેવી રીતે વર્તે છે?

નીચેના પ્રસંગ અભ્યાસ પર ધ્યાન આપો કે ફરોશીઓના વલણની વિરુદ્ધમાં "જમણી તરફનો" આગેવાન પોતાની જાત માટે ફુલાશ નથી મારતો, કે બીજાઓ પર અંકુશ નથી જમાવતો કે બીજાઓ સાથે બનાવટ નથી કરતો અથવા "પોતાનું મન ફાવે તેવું" વલણ નથી ઠોકી બેસાડતો, પણ તેના બદલે તેનામાં આવી પરિસ્થિતિમાં કૃપા, માયાળુપણું અને કરુણા જોવા મળે છે. લુક ૭:૩૬-૫૦ વાંચો

૧. આ સ્ત્રીના કયા ગુણ કે ક્ષમતાથી ઈસુ કૃપા કરવા પ્રેરાયા?

૨. ઈસુ અને તેમની કૃપા પ્રત્યે એક ધાર્મિક આગેવાન સીમોનનો પ્રતિભાવ કેવો હતો?

૩. આ સ્ત્રીનું ભૂતકાળનું જીવન ઈસુ સાથેના તેના સંબંધને કેવી રીતે પ્રભાવિત કરે છે?

©2012 MentorLink International. All Rights Reserved

# ભંગિતપણું અને સેવા

ઈશ્વરની કૃપાની સંપત્તિને સમજવા માટે અંગત ભંગિતપણું  મૂળભૂતરીતે જરૂરી છે. જ્યારે આપણે આપણાં અભિમાનથી, હકદાર હોવાના દાવાથી તથા આપણા આત્મસંતોષથી અને સત્તા તથા અંકુશના વલણથી ભંગિત થઈએ છીએ ત્યારે જ આપણે બીજાઓ પ્રત્યે કૃપા સહિત વર્તી શકીએ છીએ.
ખોવાયેલા  દીકરાઓના ઉદાહરણ પરથી વિચારો કે (લુક ૧૫:૧૧-૩૨) અને જુઓ કે કેવી રીતે પિતાનું હૃદય બન્ને દીકરાઓને ડાબી તરફથી જમણી તરફ લાવવા ઝંખે છે:

**મોટો દીકરો**

- સાંભળે છે
- અભિમાની
- હઠિલો
- હક્કદાર
- પિતાને દૂરથી જાણે છે
- નિયમ
- કાર્ય પર ભાર
- ખોવાયેલો છે
- મરેલો છે
- "ખરો" પણ ખોટો
- નકાર કરે છે

**નાનો દીકરો**

- ધ્યાનથી સાંભળે છે
- નમ્ર
- ભંગિત
- ભેટી પડે છે
- પિતાને ખૂબ જ નજીકથી અનુભવે છે
- પ્રેમ
- સંબંધ પર ભાર
- મળી ગયેલો
- જીવતો
- "ખોટો" પણ ખરો
- પસ્તાવો કરે છે

આત્મિક પ્રૌઢતા, સેવાની અસરકારકતા અને ખ્રિસ્તની પ્રતિમામાં રુપાંતર પામવાની પ્રક્રિયામાં વૃદ્ધિ પામતા, પાઉલ પોતાની જાતને જે રીતે જુએ છે તેની નોંધ લો. કાળક્રમમાં પાઉલ પોતાને આ પ્રમાણે દર્શાવે છે:

૧. ઈ.સ. ૪૯ – બીજા પ્રેરિતોની સમકક્ષ (ગલાતી ૧:૧૬-૨:૧૦)
૨. ઈ.સ. ૫૩ - પ્રેરિતોમાં સૌથી નાનો (૧કોરંથી ૧૫:૯)
૩. ઈ.સ. ૬૧ – ઈશ્વરના સર્વ લોકોમાં સૌથી નાનો (એફેસી ૩:૬)
૪. ઈ.સ. ૬૫ – બધા પાપીઓમાં મુખ્ય (૧ તીમોથી ૧:૧૫)

પાઉલના જીવનની પ્રગતિ તરફ અને ઈશ્વરે તેને વધુ અને વધુ નમ્ર બનાવવા દ્વારા તેનું બદલાણ કર્યું. તે તરફ ફરી એક નજર કરો. તમે શું માનો છો, પાઉલના જીવનમાં એવું તે શું બન્યું કે જે તેને વધતી નમ્રતા તરફ દોરી ગયું?

ભંગિતપણું એ નથી કે જે આપણે કરીએ. તેથી વિશેષ તો તે, ઈશ્વરે ઠરાવેલા જીવનના પ્રસંગો દ્વારા આપણામાં આવે છે. આ ઘટનાઓ પ્રત્યેના આપણા પ્રતિભાવથી આ ભંગિતપણું  આવે છે અથવા નિષ્ફળ જાય છે. ભંગિતપણા સંબંધી આપણે શું શીખી શકીએ છીએ? તમારા પોતાના જીવનમાંના ભંગિતપણામાંથી આગેવાનો તરીકે આપણને ડાબી તરફથી જમણી તરફ લઈ જવા માટે ઈશ્વર આ ભંગિતપણાનો એક સાધન તરીકે કેવી રીતે ઉપયોગ કરે છે?

### *એક દષ્ટિપાત... કૃપાના મૂલ્યના સ્થાનાંતર પર*

### આ મૂલ્યના સ્થાનાંતર વિષે તમારા નાના જૂથમાં નીચેના પ્રશ્નોની ચર્ચા કરો:

૧. આ મૂલ્ય સ્થાનાંતર ખરેખર છે શું? તમારા પોતાના શબ્દોમાં તે વ્યક્ત કરો.

૨. આપણા પ્રદેશમાં આગેવાનીની સંસ્કૃતિ માં આ મૂલ્ય સ્થાનાંતર સબંધી તમારૂં મંતવ્ય શું છે?

©2012 MentorLink International. All Rights Reserved

# રૂપાંતરકારી મૂલ્ય – ૨ અંગત મૂલ્યાંકન

નીચે દર્શાવેલ રૂપાંતરકારી મૂલ્યોમાં તમે તમારા વિચારોમાં, મૂલ્યોમાં અને આચરણમાં ક્યાં છો તેનું મૂલ્યાંકન કરો. ડાબા-જમણા બન્ને વિધાનોની જોડીમાં તમે ક્યાં છો તે દર્શાવવા મધ્યના ખાનાંઓમાં આપેલ કોઈ એક આંકડા પર વર્તુળ કરો. ઉદાહરણ તરીકે જો ડાબી તરફના ખાનામાં આપેલું વિધાન તમને મોટેભાગે લાગુ પડે છે તો "૧" આપો; અને જો જમણી તરફનું ખાનું લાગુ પડે છે તો "૧૦" આપો; અને જો તમે બન્ને વિધાનોની વચ્ચે છો તો "૫". સૌથી નીચે આપેલ લાગુકરણનાં પ્રશ્નોનાં પ્રત્યુત્તર પણ આપશો.

| નિયમવાદ / સ્વચ્છંદતામાંથી... | | ... કૃપાના વાતાવરણ તરફ |
|---|---|---|
| ઈશ્વર સારો દેખાવ માંગે છે અને તે દૂર, ગેરહાજર અને પ્રસન્ન ન કરી શકાય તેવા છે. | **ઈશ્વર વિષેનો દ્દષ્ટિકોણ**<br>૧-૨-૩-૪-૫-૬-૭-૮-૯-૧૦ | ઈશ્વર મારા પ્રેમાળ પિતા, મારા "અબ્બા છે" કે જેમના દીકરાએ મને ઉગારવા સારુ મરણ સહ્યું અને મને તેમનો પોતાનો કરી લીધો. |
| વૃદ્ધિની ચાવી એ તો ઈશ્વરને પ્રસન્ન કરવાના આકરા પ્રયત્નો છે. | **વૃદ્ધિ**<br>૧-૨-૩-૪-૫-૬-૭-૮-૯-૧૦ | સાચા રુપાંતરની ચાવી એ તો ત્રિએક ઈશ્વર સાથેનો ઊંડો સંબંધ છે. |
| હું હંમેશા દોષિત ભાવનાને ઈશ્વર સમક્ષ નિષ્ફળતા ગણીને સંઘર્ષ અનુભવું છું. | **માફી**<br>૧-૨-૩-૪-૫-૬-૭-૮-૯-૧૦ | હું હંમેશાં ઈસુ મારા પ્રભુ તરફથી માફી અને ઊંડો પ્રેમ અનુભવું છું. |
| પવિત્ર જીવન તે ઈશ્વરને આધિન થવા માટેના મારા સતત પ્રયત્નોમાં જોવા મળે છે. | **પવિત્ર જીવન**<br>૧-૨-૩-૪-૫-૬-૭-૮-૯-૧૦ | પવિત્રતા અગત્યની છે, પરંતુ તે ત્યારે જ શક્ય બને છે કે જ્યારે હું ઈશ્વર સાથેના ગાઢ સંબંધમાં ચાલું. |
| હું શરમ અને દોષિત ભાવનાથી દોરવાઉ છું. | **શરમ અને ઓળખ**<br>૧-૨-૩-૪-૫-૬-૭-૮-૯-૧૦ | હું જાણું છું કે હું ઈશ્વરનું વ્હાલું બાળક છું. |
| ખ્રિસ્તીઓ તરીકે નિયમોને ચુસ્તપણે વળગી રહેવું તે ખુબ આવશ્યક છે. | **નિયમો/કાયદા**<br>૧-૨-૩-૪-૫-૬-૭-૮-૯-૧૦ | આપણને સતત વધસ્તંભ ભણી લાવવા માટે માણસોના નહિ પણ ઈશ્વરના નિયમોની જરુર છે. |
| મને પવિત્ર આત્મા કોણ છે અને આત્મામાં કેવીરીતે ચાલવું તે વિષે વ્યવહારૂ સમજ બહુ ઓછી છે. | **પવિત્ર આત્મા**<br>૧-૨-૩-૪-૫-૬-૭-૮-૯-૧૦ | પવિત્ર આત્મા દ્વારા હું ઈશ્વર સાથે કઈ રીતે મૂલ્યવાન ગાઢ સંગત માણી શકાય તે શીખી રહ્યો છું. |
| જો ખરું કહું તો, કેટલીકવાર હું મારાં પદ તથા મારી સિદ્ધિઓ વિષે ખૂબ અભિમાન કરું છું. | **મારી "ફૂલાશ" નં ૧**<br>૧-૨-૩-૪-૫-૬-૭-૮-૯-૧૦ | મારા જેવા લોકોને પોતાના કુટુંબના ભાગીદાર બનાવવા માટે ઈસુએ જે મહાન કિંમત ચૂકવી છે તેનું હું અભિમાન કરૂં છું. |
| બીજાની સરખાણીમાં, ઘણીવાર મને મારાં કૃપાદાનો, આવડતો અને સિદ્ધિઓ વિષે શરમ લાગે છે. | **મારી "ફૂલાશ" નં ૨**<br>૧-૨-૩-૪-૫-૬-૭-૮-૯-૧૦ | તેના પ્રિય બાળક તરીકે, ઈશ્વર મારામાં અને મારા દ્વારા વિશ્વાસથી જે કાર્યો કરે છે તેમાં અભિમાન કરવાનું શીખી રહ્યો છું. |
| જ્યારે મારી પોતાની શક્તિથી હું સેવા કરૂં અને આગેવાની આપું ત્યારે જ <u>સફળ</u> સેવા શક્ય બની શકે. | **ભંગિતપણું**<br>૧-૨-૩-૪-૫-૬-૭-૮-૯-૧૦ | જ્યારે નિર્બળતામાં, ભંગિતપણામાં અને પારદર્શકતામાં સેવા તથા આગેવાની કરવામાં આવે છે ત્યારે સામાન્ય રીતે <u>ફળદાયી</u> સેવા શક્ય બને છે. |
| પ્રાર્થના એ એક શિસ્ત છે કે જે ઈશ્વરને પ્રસન્ન કરવા માટે મારે પાળવી જ જોઈએ. | **પ્રાર્થનામાં વલણ**<br>૧-૨-૩-૪-૫-૬-૭-૮-૯-૧૦ | પ્રાર્થના એ એક આનંદ છે કે, જેમાં પવિત્ર આત્મા મને મારા પિતા અને તેમના પુત્ર સાથે પ્રેમાળ સંગતમાં જોડે છે. |

## લાગુકરણ:

- આ રૂપાંતરકારી મૂલ્યનાં ડાબી તરફથી જમણી તરફના સ્થાનાંતર વિષે તમારા અંગત મૂલ્યાંકનના આધારે તમારે કયા ફેરફાર કરવાની અગત્ય છે તે વિષે ઈશ્વર તમને શું કહે છે?
- કઈ બાબત તમને ડાબી તરફના કોઠામાં "જકડી" રાખે છે? કયો ભય? કયા ભૂતકાળના અનુભવો?
- તમારા માટે ખરો પસ્તાવો કેવો હશે?

©2012 MentorLink International. All Rights Reserved

**મૂલ્ય સ્થાનાંતર – ૩**

## જોહુકમી આગેવાની થી સેવાભાવી આગેવાની તરફ

"તમારામાં જે કોઈ મોટો થવા ચાહે, તે તમારો સેવક થાય; જેમ માણસનો દીકરો સેવા કરાવવાને નહિ, પણ સેવા કરવાને, તથા ઘણા લોકની ખંડણીને સારુ પોતાનો જીવ આપવાને આવ્યો છે તેમ." માથ્થી ૨૦:૨૬-૨૮

આગેવાન કે જે ઈસુ ખ્રિસ્ત દ્વારા રુપાંતર પામી રહ્યો છે તે... એવી વ્યક્તિ છે કે જેના પ્રભાવ અને અસરનો આધાર હોદ્દા કે સત્તા પર નથી પરંતુ તે ખ્રિસ્તની નમ્રતામાં બીજાઓની સેવા કરવા દ્વારા તેમના પર પ્રભાવ અને અસર ઊપજાવે છે.

## ઈસુ તેમના દિવસોમાં અને આપણાં સમયમાં પણ જોહુકમી આગેવાનીને વખોડે છે

આપણા પ્રભુ ઈસુએ તેમના સમયના આત્મિક આગેવાનો અને શિક્ષકોને ખૂબ જ આકરા શબ્દોમાં વખોડી કાઢ્યા હતા. આત્મિક આગેવાનો તરીકે, ઈસુ જોહુકમી આગેવાની વિષે અહીં શું કહે છે અને કેવી લાગણી અનુભવે છે તે ધ્યાનથી જોઈએ તે આપણા માટે અગત્યનું છે.

માથ્થી ૨૩:૧-૧૨ વાંચો અને નીચેના પ્રશ્નોના જવાબ આપો.

- જ્યારે તમે આ કલમો વાંચો છો ત્યારે, ઈસુએ તેમના વખતના આત્મિક આગેવાનોને જે ઠપકા આપ્યા હતા તેમાંના કયા એક-બે મુદ્દા તમન સૌથી મહત્વપૂર્ણ લાગે છે? તમારો પ્રત્યુત્તર સમજાવો.

- ઈસુ જુએ છે તે પ્રમાણે, ફરોશીઓને આગેવાન તરીકે દોરનાર પાયારુપ પ્રેરકબળો કયા છે? (કલમ ૫-૭)

- આપણી સંસ્કૃત્તિમાં જોહુકમી આગેવાનો કેવી રીતે આ જ પ્રકારનું વર્તન અને વલણ દેખાડે છે?

- છેલ્લે, ૧૨મી કલમમાં ઈસુ આગેવાનોને જે વચનો આપે છે તે જુઓ. તે કયા બે વચનો આપે છે, અને તમારા માટે આનો શો અર્થ થાય?

## જોહુકમી આગેવાનીથી સેવાભાવી આગેવાની તરફ ફરવા વિષેનો બાઈબલ આધારિત પ્રસંગ અભ્યાસ:

## ઈસુ, યાકૂબ અને યોહાન

યાકૂબ અને યોહાનને ઈસુ દ્વારા પસંદ કરવામાં આવ્યા હતા અને સેવામાં તેઓને ખાસ સ્થાન આપવામાં આવ્યું હતું. પરંતુ એનો અર્થ એ ન હતો કે તેમને તેમના પ્રભુ અને મેન્ટર, ઈસુ ખ્રિસ્ત તરફથી કોઈ પ્રોત્સાહન, હિસાબદારી અને સુધારાની કોઈ જરૂર ન હતી.

માર્ક ૧૦:૩૫-૪૫ વાંચો અને જુઓ કે ઈસુ કેવી રીતે યાકૂબ અને યોહાનને દૈહિક આગેવાની નકારીને વધુને વધુ તેમના જેવા આગેવાન બનવા માટે મદદ કરવા પ્રયત્ન કરે છે. નીચેના સવાલોના જવાબ આપો:

- યાકૂબ અને યોહાન ઈસુ પાસે શું માંગી રહ્યા હતા? તમે શું માનો છો કે તેમણે શા માટે આવી માંગણી કરી હશે? (કલમ ૩૫-૩૭)

©2012 MentorLink International. All Rights Reserved 

- જ્યારે ઈસુ તેઓને કહે છે કે, "તમે જે માંગો છો તે તમે સમજતા નથી" ત્યારે તમારા મતે ઈસુ શું કહેવા માંગે છે (કલમ ૩૮)? શું ઈસુનો સખત ઠપકો કલમ ૪૦માં યાકૂબ અને યોહાનની સેવાભાવી આગેવાનીની ક્ષમતાને સિમીત કરે છે? શા માટે અથવા શા માટે નહિ?

- જ્યારે બીજાઓએ યાકૂબ અને યોહાનની માંગણી સાંભળી ત્યારે તેઓ "ક્રોધે ભરાયા". તમે શું માનો છો, શા માટે તેઓએ આવો પ્રત્યાઘાત આપ્યો હશે? (કલમ ૪૧)

- જો આપણા દેશના આત્મિક આગેવાનો ૪૨-૪૫ કલમોમાં ઈસુ આપણી પાસેથી માંગે છે એવા સેવાભાવી આગેવાનીના મૂલ્યો તથા આચરણ અપનાવવા લાગે તો કયા ફેરફારો થવા જોઈએ? જો તમે અને બીજા આગેવાનો આ કલમો અનુસાર ઈસુના શબ્દોને અનુસરીએ તો આપણા દેશની તમામ મંડળીઓમાં શું ફેરફાર જોવા મળશે?

## એવી બાબતો કે જેમાં આપણે સેવાભાવી આગેવાનો તરીકે ઈસુના નમૂનાને અનુસરીએ

તમારા નાના જૂથમાં, નીચેનાં વિધાનો મોટેથી વાંચો અને આપણી સંસ્કૃતિ માટે દરેક મુદ્દામાં એક કે બે વ્યવહારૂ બાબતોનો વિચાર કરો:

- **આપણે બીજાઓની સાચી જરૂરિયાતોને પહોંચી વળીએ** કે જેથી તેઓ ઈશ્વરની કૃપા, પ્રેમ અને સત્યની સમજ અને અનુભવમાં દૃઢ થાય.
- **આપણે લોકો અને સંબંધો પર વધુ ધ્યાન આપીએ.** હા સોંપાયેલાં કાર્યો પૂરાં થવાં જ જોઈએ, પરંતુ આપણી શ્રેષ્ઠ શક્તિઓ આપણે જેઓને આગેવાની આપીએ છીએ તેમની ખરી કાળજી લેવામાં તથા મજબૂત સંબંધો બાંધવામાં ખર્ચીએ.
- બળ, ધાકધમકી કે અંકુશથી નહિ પણ નમ્રતા, નિર્બળતા અને પ્રેમના મંચ પરથી **આપણે બીજાઓને પહોંચીએ.**
- **આપણે આપણી સત્તા અને મોભાનો ઉપયોગ બીજાઓની બલિદાનપૂર્વક સેવા કરવા માટે કરીએ** જેથી તેઓના જીવનો તથા સેવા અસરકારકતા માટે સક્ષમ અને મુક્ત બને.
- ઈશ્વરનો પ્રેમ અને તેડું ફરજ પાડે છે માટે, બીજાઓને નહીં પણ ઈશ્વરને પ્રસન્ન કરવા ખાતર, **આપણે કોઈ પણ જાતનો બદલો કે ખ્યાતિની અપેક્ષા વગર સેવા કરીએ.**

## એક દૃષ્ટિપાત...સેવાભાવી આગેવાનીના મૂલ્યના સ્થાનાંતર પર

### આ મૂલ્યના સ્થાનાંતર વિષે તમારા નાના જૂથમાં નીચેના પ્રશ્નોની ચર્ચા કરો:

૧. આ મૂલ્ય સ્થાનાંતર ખરેખર છે શું? તમારા પોતાના શબ્દોમાં તે વ્યક્ત કરો.

૨. આપણા પ્રદેશમાં આગેવાનીની સંસ્કૃતિ માં આ મૂલ્ય સ્થાનાંતર સબંધી તમારૂં મંતવ્ય શું છે?

©2012 MentorLink International. All Rights Reserved

# રૂપાંતરકારી મૂલ્ય – ૩ અંગત મૂલ્યાંકન

નીચે દર્શાવેલ રૂપાંતરકારી મૂલ્યોમાં તમે તમારા વિચારોમાં, મૂલ્યોમાં અને આચરણમાં ક્યાં છો તેનું મૂલ્યાંકન કરો. ડાબા-જમણા બન્ને વિધાનોની જોડીમાં તમે ક્યાં છો તે દર્શાવવા મધ્યના ખાનાંઓમાં આપેલ કોઈ એક આંકડા પર વર્તુળ કરો. ઉદાહરણ તરીકે જો ડાબી તરફના ખાનામાં આપેલું વિધાન તમને મોટેભાગે લાગુ પડે છે તો "૧" આપો; અને જો જમણી તરફનું ખાનું લાગુ પડે છે તો "૧૦" આપો; અને જો તમે બન્ને વિધાનોની વચ્ચે છો તો "૫". સૌથી નીચે આપેલ લાગુકરણનાં પ્રશ્નોનાં પ્રત્યુત્તર પણ આપશો.

| જોહુકમી આગેવાની થી … | | … સેવાભાવી આગેવાની તરફ |
|---|---|---|
| બીજાઓ સાથેની સેવા કરવામાં, હું સંબંધો કરતાં સોંપાએલા કાર્યને વિશેષ મહત્વ આપું છું. | **સંબંધ વિરૂદ્ધ સોંપેલું કાર્ય**<br>૧-૨-૩-૪-૫-૬-૭-૮-૯-૧૦ | સેવામાં સોંપાયેલા કાર્ય કરતાં સંબંધો વધારે અગત્યના છે. ઈશ્વર તથા ઈશ્વરનાં લોકો પ્રત્યેનો પ્રેમ તે આપણાં પ્રભાવની ચાવી છે. |
| મારી આગેવાનીનો અધિકાર પ્રાથમિક રીતે હું મારી કાર્યસૂચિ, હોદ્દા અને અમારી સંસ્થાના માળખામાંથી આવે છે. | **સત્તા**<br>૧-૨-૩-૪-૫-૬-૭-૮-૯-૧૦ | મારી આગેવાનીના અધિકારનો આધાર પ્રાથમિક રીતે ભરોસા, સંબંધ, એકનિષ્ઠતા અને સેવા પર આધારિત આત્મિક અધિકાર પર અવલંબે છે. |
| મારા પદ તથા હું જે હોદ્દો ધરાવું છું તેના લીધે માન મળે છે | **માન**<br>૧-૨-૩-૪-૫-૬-૭-૮-૯-૧૦ | પ્રાથમિક રીતે માન તો હું ખ્રિસ્તની, તેના હેતુની અને તેના લોકોની જે સેવા કરૂં છું તેનાથી મળે છે. |
| હું અપેક્ષા રાખું છું કે મારી દોરવણી પ્રમાણે અમારા જૂથે જે સારું કાર્ય કર્યું છે તેનો જશ મને મળે – હું તેને સફળતા ગણું છું. | **આગેવાનીની સફળતા**<br>૧-૨-૩-૪-૫-૬-૭-૮-૯-૧૦ | મારા જૂથના સભ્યોને એવા સજ્જ અને સક્ષમ બનાવું કે જેથી અમે ઈશ્વરનું કાર્ય ઈશ્વરના મહિમાને અર્થે તેમનુ કાર્ય પૂર્ણ કરી શકીએ – એ છે સફળતા |
| એક આગેવાન તરીકે, અમારા કાર્યના દરેક પાસાનો સીધેસીધો અંકુશ મારી પાસે હોય છે, અને અચૂક સફળતા મેળવવા હું જરુરિયાત પ્રમાણે લોકોનો ઊપયોગ કરું છું | **અંકુશ ૧**<br>૧-૨-૩-૪-૫-૬-૭-૮-૯-૧૦ | નિયંત્રણ ઈશ્વરના હાથમાં છે. જેઓને કંઈક કામ સોંપવામાં આવ્યું છે એવા વિશ્વાસુ લોકોને વિકસાવવામાં તથા મદદરુપ થવામાં હું ઈશ્વરને સહકાર આપું છું |
| મારા કર્મચારીઓ વચ્ચેના લગભગ બધા જ વિચાર-વિમર્શમાં તથા અગત્યના નિર્ણયો લેવામાં સામેલ થવાનું મને ગમે છે | **અંકુશ ૨**<br>૧-૨-૩-૪-૫-૬-૭-૮-૯-૧૦ | હું નિર્ણયો લેવાની બાબતનું વિકેન્દ્રીકરણ કરું છું, જેથી જૂથમાંના વિશ્વાસુ સાથીઓને જૂથ તરીકે અમે સહમતીમાં જે આયોજન કર્યુ હોય તે પ્રમાણે કાર્ય કરવાની છુટ મળે |
| અમારા કાર્ય જૂથમાં, હું એ બાબતે ખૂબ જ સ્પષ્ટ હોઉં છું કે બહારનાં લોકો સહિત દરેકજણ જાણે કે હું આગેવાન છું | **આગેવાનીની સૂચિ**<br>૧-૨-૩-૪-૫-૬-૭-૮-૯-૧૦ | બહારના નિરીક્ષકોને કદાચને ખબર ન પણ પડે કે હું જૂથનો આગેવાન છું. અમે વહેંચાયેલી આગેવાની અનુસરીએ છીએ કે જેનો આધાર વ્યક્તિને જે તે કાર્યક્ષેત્ર માટે મળેલ કૃપાદાન પર આધારિત છે |
| આગેવાન તરીકે મારું કાર્ય મારા હાથ નીચેનાં શક્ય એટલા લોકોને ખુશ રાખીને તેઓને પ્રભાવિત કરવાં તે છે | **લોકોની ખુશી**<br>૧-૨-૩-૪-૫-૬-૭-૮-૯-૧૦ | ખ્રિસ્તની, તેના રાજ્યની અને તેના લોકોની સેવામાં કેટલીક વખત મારે આકરા નિર્ણયો લેવા પડે કે જેથી કેટલાક મિત્રોને દુઃખ થાય |
| મારી આગેવાની હેઠળના લોકો સાથે અને તેઓ માટે હું ખૂબ જ ઓછો સમય પ્રાર્થનામાં ગાળું છું | **પ્રાર્થનામાં આગેવાની**<br>૧-૨-૩-૪-૫-૬-૭-૮-૯-૧૦ | હું નિયમિતપણે મારી આગેવાની તળે કાર્ય કરતા લોકો સાથે અને તેઓ માટે પ્રાર્થના કરું છું જેનાથી તેઓને પ્રભુમાં ઉત્તેજન અને બળ મળે છે |

**લાગુકરણ:**

- આ રૂપાંતરકારી મૂલ્યનાં ડાબી તરફથી જમણી તરફના સ્થાનાંતર વિષે તમારા અંગત મૂલ્યાંકનના આધારે તમારે કયા ફેરફાર કરવાની અગત્ય છે તે વિષે ઈશ્વર તમને શું કહે છે?

- કઈ બાબત તમને ડાબી તરફના કોઠામાં "જકડી" રાખે છે? કયો ભય? કયા ભૂતકાળના અનુભવો?

- તમારા માટે ખરો પસ્તાવો કેવો હશે?

©2012 MentorLink International. All Rights Reserved

## મૂલ્ય સ્થાનાંતર – ૪

### એક હથ્થુ આગેવાની થી "ટીમ" આગેવાની તરફ

"... ત્યારે પ્રભુથી મારે માટે એક દ્વાર ઉઘાડવામાં આવ્યું. તેમ છતાં મારા આત્માને [કંઈ પણ] ચેન ન હતું, કેમ કે મારો ભાઈ તિતસ મને મળ્યો ન હતો; માટે તેઓની રજા લઈને હું ..." ૨ કોરંથી ૨:૧૨-૧૩

આગેવાન કે જે ઈસુ ખ્રિસ્ત દ્વારા રુપાંતર પામી રહ્યો છે તે... એવી વ્યક્તિ છે કે જે અભિમાન અથવા વહેંચવાની અનિચ્છાના કારણે ઉદ્‌ભવતા એકલા અને એકાંતમાં કાર્ય કરવાના વલણનો અવરોધ કરે છે, આ આગેવાન સંબંધોની કદર કરે છે. અને પોતાની શક્તિઓ વાપરાવા તથા પોતે જ્યાં નબળો છે ત્યાં સબળા હોય તેવા લોકોની સાથે કામ કરવા તૈયાર છે.

## પોતાની રીતે કાર્ય કરવા કરતાં જૂથ આગેવાની ઘણી વખત ખૂબ જ પડકારજનક હોય છે...

આપણામાંનો કોઈ દરેક બાબતમાં સંપૂર્ણ નથી. આપણને ખરેખર એકબીજાની જરુર છે. છતાં આપણાં સંબંધો સાચવવાનું કાર્ય અઘરું છે, અને પોતાની રીતે કાર્ય કરવા કરતાં સમૂહકાર્ય કેટલીકવાર ખૂબજ અઘરું અને ધીમું બની જતું હોય છે. જો જૂથ આગેવાની એ જ પસંદ કરેલો માર્ગ છે તો આ પડકારોનો સામનો કરવો જ રહ્યો. કૃપામાં તથા એકબીજા માટેનાં પ્રેમમાં વૃદ્ધિ પામવા તેમ જ વધુ ફળવંત બનવા માટે આપણે આ "કસોટીઓને" આવકારતાં શીખવું જોઈએ.

- સ્વનિર્ભર આગેવાન તરીકે કાર્ય કરવામાં નડતી કેટલીક મુશ્કેલીઓ કઈ છે?

- જૂથ આગેવાનીમાં કાર્ય કરવાના કેટલાક ફાયદા કયા છે?

## ખ્રિસ્ત-કેન્દ્રિત આગેવાન એ છે કે જે સહકાર અને સમાજની કદર કરે છે...

- જેમ ઈશ્વરની ઐક્યતા, વિવિધતા અને સુમેળ ત્રિએકતામાં દર્શાવાયાં છે, તે જ પ્રમાણે આગેવાની જૂથમાં સમાનતા અને સન્માન ઈશ્વરની હાજરી અને પરાક્રમની એક મોટી સાક્ષી બની શકે છે.
- જૂના કરાર (પ્રબોધકો અને રાજાઓ)માં આગેવાનીના "મહા પુરુષ" નમૂનાએ ઘણી વખત વર્તમાન મંડળીના આગેવાનો કે જેઓ પોતાને "ઈશ્વરના અભિષિક્ત" માને છે તેઓને શોષણખોર આગેવાનીની ઓળખ અને આચરણ તરફ દોર્યા છે.
- મુખ્ય આગેવાન-નો વિચાર, અલબત્ત બીજા આગેવાનોની મધ્યે પણ, નવા કરારમાં અજાણ્યો છે. ખ્રિસ્ત-સમ આગેવાન સાથી સભ્યોની માફક જીવીને તથા વ્યવહાર કરીને જૂથમાં કાર્ય કરે છે.
- ખ્રિસ્ત-કેન્દ્રિત આગેવાન એવાં લોકો સાથે કાર્ય કરે છે કે જેમનાં આત્મિક કૃપાદાનો અને આવડતો તેના પૂરક બની જાય છે.
- આત્મિક રુપાંતર પામેલ આગેવાન પોતાની શક્તિ અને નબળાઈ વિષે સભાન હોય છે, અને એવાં લોકો સાથે કાર્ય કરવા ચાહે છે કે જેઓની શક્તિઓ તેની પોતાની કમી-ઘટીઓ સરભર કરે. તે પોતે બધું જ સારી રીતે કરી શકતો નથી એવું સ્વીકારતા તે શરમાતો નથી.

આ ચાવીરુપ વિધાનો સાંભળ્યા બાદ, કેટલાક મંતવ્ય આપો. તમે જે સાંભળ્યું તે સાથે શું તમે સંમત છો? આ વિચારો તમારા વિચારોને કેવી રીતે ઉત્તેજીત કરે છે?

©2012 MentorLink International. All Rights Reserved

## "ટીમ" આગેવાની અને સામૂહિકતા નાં બાઈબલમાંથી કેટલાંક ઉદાહરણો...

નીચેના શાસ્ત્રભાગો જુઓ અને તમારા જૂથમાં તેની ચર્ચા કરો:

- **શિષ્યો** (લુક ૧૦:૧-૨,૧૭,૨૧) જ્યારે ઈસુએ ૭૨ શિષ્યોને મિશન પર મોકલ્યા, ત્યારે જો તેમણે તેઓને એક-એક કરીને મોકલ્યા હોત તો તેઓ બે-ગણાં ગામોને પહોંચી શક્યા હોત. તેથી ઉલટું તેમણે તેઓને ૩૬ જોડીઓમાં મોકલ્યા. જ્યારે તેઓ પાછા આવ્યા ત્યારે, તેઓએ તેમના સેવાક્ષેત્રના અનુભવો વિષે શું અહેવાલ આપ્યો? તેઓને કેવું લાગ્યું? અને લાગણીના ધોરણે તેમના સેવાકાર્ય વિષે ઈસુનો પ્રતિસાદ કેવો હતો? એકલાં કામ કરવા કરતાં જૂથ તરીકે કાર્ય કરવા વિષે તેઓ શું સૂચવે છે?
- **ઈસુ** (માર્ક ૧૪:૩૨-૩૪) કેટલીક બાબતો ઈસુએ એકલાએ જ કરવી પડે તેમ હતું, પણ ગેથસેમાનેમાં જે રાતે તેમને દગો દેવામાં આવ્યો તે નહિ. પિતર, યાકૂબ અને યોહાન પાસેથી ઈસુ શી મદદની અપેક્ષા રાખતા હતા? શું તમને એથી આશ્ચર્ય થાય છે કે ઈશ્વરનો પુત્ર આ રીતે જરુરિયાતમંદ હોય? શા માટે અથવા શા માટે નહિ?
- **બાર્નાબાસ** (પ્રેરિતોનાં કૃત્યો ૧૧:૧૯-૨૬) જ્યારે બાર્નાબાસે જોયું કે અંત્યોખમાં ઘણું કાર્ય કરવાનું બાકી છે, ત્યારે બધું કાર્ય પોતે કરવા પ્રયત્ન કર્યો હોત, પણ તેણે તેમ કર્યું નહિ. મદદ મેળવવા માટે તે કેવી રીતે બહાર નીકળ્યો? તેણે જે મદદગાર પસંદ કર્યો તેમાં તેણે કેવા પ્રકારના જોખમો ઉપાડ્યાં? આ "જૂથ સેવાનું" પરિણામ શું મળ્યું?
- **પાઊલ** (૨ તીમોથી ૪:૯-૧૩, ૧૯-૨૧) પાઊલે ખૂબ જ અભિમાની અને સ્વનિર્ભર વ્યક્તિ તરીકે શરુઆત કરી, પરંતુ તે બદલાયો. આ બે ફકરાઓમાં તે કેટલા મિત્રો અને સહકર્મીઓનો ઉલ્લેખ કરે છે? સહકારભર્યો અભિગમ રાખ્યા વગર પણ પાઊલ એટલો જ સફળ રહ્યો હોત તેવું શું તમે માનો છો? શા માટે અથવા શા માટે નહિ?

## યરુશાલેમની મહાસભા: જૂથ આગેવાની વિષે અભ્યાસ

પ્રેરિતોનાં કૃત્યો ૧૫:૧-૨૯ વાંચો અને નીચેના પ્રશ્નોની ચર્ચા કરો:

- યરુશાલેમમાં એકઠા થયેલા "પ્રેરિતો અને વડીલો" ની ફરજો અને જવાબદારીઓ શું હતી?
- પિતર, બાર્નાબાસ અને પાઉલ તથા યાકૂબે આ સભાની ચર્ચામાં શું યોગદાન આપ્યું? શું આ આગેવાનોમાંના કોઈ એકે આ સભાના આખરી શબ્દો ઠોકી બેસાડ્યા?
- કોની સત્તા હેઠળ મહાસભાનો પત્ર બિનયહુદી વિશ્વાસીઓ પર મોકલવામાં આવ્યો?

*એક દૃષ્ટિપાત... જૂથ આગેવાનીના મૂલ્ય સ્થાનાંતર પર*

### આ મૂલ્યના સ્થાનાંતર વિષે તમારા નાના જૂથમાં નીચેના પ્રશ્નોની ચર્ચા કરો:

૧. આ મૂલ્ય સ્થાનાંતર ખરેખર છે શું? તમારા પોતાના શબ્દોમાં તે વ્યક્ત કરો.

૨. આપણા પ્રદેશમાં આગેવાનીની સંસ્કૃતિ માં આ મૂલ્ય સ્થાનાંતર સબંધી તમારૂં મંતવ્ય શું છે?

©2012 MentorLink International. All Rights Reserved

# રૂપાંતરકારી મૂલ્ય – ૪ અંગત મૂલ્યાંકન

નીચે દર્શાવેલ રૂપાંતરકારી મૂલ્યોમાં તમે તમારા વિચારોમાં, મૂલ્યોમાં અને આચરણમાં ક્યાં છો તેનું મૂલ્યાંકન કરો. ડાબા-જમણા બન્ને વિધાનોની જોડીમાં તમે ક્યાં છો તે દર્શાવવા મધ્યના ખાનાંઓમાં આપેલ કોઈ એક આંકડા પર વર્તુળ કરો. ઉદાહરણ તરીકે જો ડાબી તરફના ખાનામાં આપેલું વિધાન તમને મોટેભાગે લાગુ પડે છે તો "૧" આપો; અને જો જમણી તરફનું ખાનું લાગુ પડે છે તો "૧૦" આપો; અને જો તમે બન્ને વિધાનોની વચ્ચે છો તો "૫". સૌથી નીચે આપેલ લાગુકરણનાં પ્રશ્નોનાં પ્રત્યુત્તર પણ આપશો.

| એક હથ્થુ આગેવાની થી ... | | ..."ટીમ" આગેવાની તરફ |
|---|---|---|
| મને લાગે છે કે સમૂહકાર્ય ખૂબ જ મોઘું પડે છે. આપણી પોતાની રીતે કાર્ય કરવાની જન્મજાત કુશળતા આપણ દરેકમાં છુપાયેલી છે | **સાથે મળીને કાર્ય કરવું**<br>૧-૨-૩-૪-૫-૬-૭-૮-૯-૧૦ | સાથે મળીને કાર્ય કરવાથી ઈશ્વરને આનંદ થાય છે અને જૂથને આશીર્વાદ મળે છે. મારા માટે, સમૂહકાર્ય તેની કિંમતને યોગ્ય છે |
| સારો આગેવાન એકલવાયો જ હોવો જોઈએ. હું એકલા ઈશ્વરને જ હિસાબદાર છું અને સુરક્ષા માટે મારે ફક્ત તેમના પર જ વિશ્વાસ કરવો જોઈએ | **એકલવાયાપણું**<br>૧-૨-૩-૪-૫-૬-૭-૮-૯-૧૦ | આગેવાન તરીકે, માત્ર સેવાની અસરકારકતા માટે જ નહિં પરંતુ તેની સુરક્ષા અને વિકાસ માટે પણ હું જૂથની કદર કરું છું. |
| હું મારી નબળાઈ જણાવા દેતો નથી કે હું ટીકા ટીપ્પણ અથવા ભૂલ સુધારવા માટે પણ ખુલ્લો નથી, કારણ કે જો તેમ કરું તો લોકો મને અનુસરશે નહિં | **નિર્બળતા**<br>૧-૨-૩-૪-૫-૬-૭-૮-૯-૧૦ | હું ભંગિતપણા અને પારદર્શકતા દ્વારા આગેવાની આપું છું કારણ કે તેથી સમાજ બંધાય છે અને ઈશ્વરનું સામર્થ્ય વહેતું થાય છે |
| આગેવાન તરીકે, અમારા સેવાકાર્યને આગળ ધપાવવા માટે મારી પાસે બધા જવાબ અને જરુરી બધા કૃપાદાનો હોય તેવો પ્રયત્ન હું કરું છું | **સર્વ-સંપન્ન**<br>૧-૨-૩-૪-૫-૬-૭-૮-૯-૧૦ | આગેવાન તરીકે, મારે એવા જૂથની જરુર છે કે જે જવાબો શોધી કાઢવામાં મદદરુપ બને અને સફળ થવા માટે જરુરી કૃપાદાનોની આપૂર્તિ કરે |
| આગેવાન તરીકે, મારી સફળતાનો જશ મને મળવો જોઈએ. આનાથી સ્વાભાવિક રીતે સારી શાખ અને સારી પ્રતિષ્ઠા બને છે | **શાખ**<br>૧-૨-૩-૪-૫-૬-૭-૮-૯-૧૦ | ઈશ્વર જે કાંઈ સફળતા આપે તેનો શ્રેય મારા જૂથના સભ્યોને આપવા દ્વારા, આગેવાન તરીકે હું ઈશ્વરને મહિમા આપું છું |
| આગેવાન તરીકે હું જાણું છું કે આજની સફળતા આવતી કાલે વધુ મોટી સેવાની તકોનાં દ્વાર ઉઘાડી આપશે | **કોઈકની કારકીર્દી**<br>૧-૨-૩-૪-૫-૬-૭-૮-૯-૧૦ | હું મારી કારકીર્દી ઈશ્વરના હાથોમાં છોડું છું, અને જાણું છું કે તે આપણને આપણું કાર્ય સોંપે છે અને માત્ર વિશ્વાસુપણું ચાહે છે |
| અમારા જૂથમાં, દરેકજણે જાણે કે સુરક્ષિત મહોરું પહેર્યું હોય તેવું લાગે છે. અમને નિખાલસ બનવામાં સલામતી લાગતી નથી | **સુરક્ષિત જગ્યા**<br>૧-૨-૩-૪-૫-૬-૭-૮-૯-૧૦ | અમારું જૂથ પરસ્પર સંબંધોને લગતું સુરક્ષિત સ્થાન બની રહ્યું છે કે જ્યાં દરેકને પોતાની નબળાઈ બતાવવાની અને વહેચવાની પૂરી મોકળાશ છે |
| દરેક જણ પોતાની રીતે કાર્ય કરે તે મને ગમે છે. ખરેખર તો, ખ્રિસ્તી સંગત માટે આપણ દરેકની પાસે બીજા સ્થળો છે | **સાજાપણું અર્પતું કુટુંબ**<br>૧-૨-૩-૪-૫-૬-૭-૮-૯-૧૦ | અમારું જૂથ કુટુંબ જેવું જ બની રહ્યું છે. પ્રભુમાં વ્યક્તિગત વૃદ્ધિ પામવા અમે એકબીજાની ખરેખર સહાયતા કરીએ છીએ |
| અમે જવલ્લે જ સાથે મળીને પ્રાર્થના કરીએ છીએ. જ્યારે અમે પ્રાર્થના કરીએ છીએ ત્યારે તે યંત્રવત્ અને બિનઅસરકારક લાગે છે. હું જાણતો નથી કે આમાં શી રીતે સુધારો લાવી શકાય | **જૂથ તરીકે પ્રાર્થના**<br>૧-૨-૩-૪-૫-૬-૭-૮-૯-૧૦ | પ્રાર્થના પરિસ્થિતિ બદલે છે આથી જ અમે તેને અમારા જૂથની અગ્રિમતા બનાવી છે. અમે નિયમિત રીતે એકબીજાં માટે અને એકબીજાં સાથે પ્રાર્થના કરીએ છીએ |

## લાગુકરણ:

- આ રૂપાંતરકારી મૂલ્યનાં ડાબી તરફથી જમણી તરફના સ્થાનાંતર વિષે તમારા અંગત મૂલ્યાંકનના આધારે તમારે કયા ફેરફાર કરવાની અગત્ય છે તે વિષે ઈશ્વર તમને શું કહે છે?
- કઈ બાબત તમને ડાબી તરફના કોઠામાં "જકડી" રાખે છે? કયો ભય? કયા ભૂતકાળના અનુભવો?
- તમારા માટે ખરો પસ્તાવો કેવો હશે?

©2012 MentorLink International. All Rights Reserved 

## મૂલ્ય સ્થાનાંતર – ૫

### આગેવાનોના આકસ્મિત ઊમેરાથી હેતુપૂર્વક ગુણાંકારી વૃદ્ધિ તરફ

“માટે, મારા દીકરા, ખ્રિસ્ત ઈસુમાં જે કૃપા છે તેમાં તું સમર્થ થા. જે વાતો ઘણા સાક્ષીઓ સમક્ષ તેં મારી પાસેથી સાંભળી છે તે બીજાઓને પણ શીખવી શકે એવા વિશ્વાસુ માણસોને સોંપી દે.” ૨ તીમોથી ૨:૧-૨

આગેવાન કે જે ઈસુ ખ્રિસ્ત દ્વારા રુપાંતર પામી રહ્યો છે તે... એવી વ્યક્તિ છે કે જે પોતાના જીવન અને સેવામાં મેન્ટરીંગને અગ્રિમતા આપવાનું પસંદ કરે છે; તે વ્યક્તિ આગેવાનોની આગલી પેઢીને ઊભી કરવા માટે પોતાનો સમય અને પ્રયત્નો સમર્પિત કરે છે.

### એક નજર... ઈસુની સેવામાં સબંધ આધારિત કાર્યપદ્ધતિ પર... અને આપણી કાર્યપદ્ધતિ પર પણ...




આ ચર્ચા પરથી ઈસુની કાર્યપદ્ધતિ વિષે તમને શું નવું શીખવા મળે છે?

તમારી કાર્યપદ્ધતિ ઈસુની સંબંધ આધારિત કાર્યપદ્ધતિ સાથે શી રીતે મળતી આવે છે? તમારી કાર્યપદ્ધતિ ઈસુની કાર્યપદ્ધતિથી કેવી રીતે ભિન્ન છે?

તમારી સેવાની કાર્યપદ્ધતિમાં તમારે કયા ફેરફારો કરવા જેવું લાગે છે?

©2012 MentorLink International. All Rights Reserved

આ કાર્યપદ્ધતિ પર – ઈસુએ ઈશ્વરના સમગ્ર રાજ્યનું હા, તમારું અને મારું પણ, ભવિષ્ય જોખમમાં મૂક્યું – એવા આગેવાનો કે જેઓ હેતુપૂર્વક એવા આગેવાનો પર ભાર મૂકે… કે જેઓ હેતુપૂર્વક બીજા એવા આગેવાનો પર ભાર મૂકે… તેવા આગેવાનો પર ઈસુએ હેતુપૂર્વક ધ્યાન આપ્યું એ અનિવાર્ય હતું! અહીં કેટલાક બીજાઓ છે કે જેઓ નવા કરારમાં ઈસુના નમૂનાને અનુસર્યા:

- બાર્નાબાસે પાઉલ અને યોહાન માર્કનું મેન્ટરીંગ કર્યું: "બાર્નાબાસ તથા શાઉલ દાનસેવા પૂરી કરીને યોહાન, જેનું બીજું નામ માર્ક હતું, તેને સાથે લઈને યરુશાલેમથી પાછા આવ્યા." (પ્રેરિતોનાં કૃત્યો ૧૨:૨૫)
- પાઉલે તીમોથી, લુક, પ્રિસ્કીલા અને આકુલા અને બીજા ઘણાંનું મેન્ટરીંગ કર્યું: "માટે, મારા દીકરા, ખ્રિસ્ત ઈસુમાં જે કૃપા છે તેમાં તું સમર્થ થા. જે વાતો ઘણા સાક્ષીઓ સમક્ષ તેં મારી પાસેથી સાંભળી છે તે બીજાઓને પણ શીખવી શકે એવા વિશ્વાસુ માણસોને સોંપી દે." (૨ તીમોથી ૨:૧-૨)
- પ્રિસ્કીલા અને આકુલાએ આપોલસ નું મેન્ટરીંગ કર્યું: "તે હિંમતથી સભાસ્થાનમાં બોલવા લાગ્યો.પણ પ્રિસ્કિલાએ તથા આકુલાએ તેની (આપોલસની) વાત સાંભળી, ત્યારે તેઓએ તેને પોતાને ઘેર લઈ જઈને દેવના માર્ગનો વધારે ચોક્કસાઈથી ખુલાસો આપ્યો." (પ્રેરિતોનાં કૃત્યો ૧૮:૨૬)

પ્રેરિતોનાં કૃત્યો ૧૯:૮-૧૦માંથી અભ્યાસ કરતાં આકસ્મિત ઉમેરાના વિરોધાભાસમાં હેતુપૂર્વક ગુણાકારી વૃદ્ધિ વિષે આપણે આગળ જોઈશું. એફેસસમાં તુરાનસની શાળામાં પાઉલની ગુણાંકારી મેન્ટરીંગ સેવા વિષેનો આ બાઈબલમાં નો પ્રસંગ છે.

- પ્રેરિતોનાં કૃત્યો ૧૯:૮-૧૦ વાંચો. જ્યારે તમે આ વાર્તા વાંચો છો ત્યારે તમને કઈ બાબત પ્રભાવિત કરે છે?
- મંડળી રોપણ કરનાર તરીકે પાઉલની પ્રેરિતોનાં કૃત્યો ૧૩-૧૮માંની કાર્યપદ્ધતિ અહીં પ્રેરિતોનાં કૃત્યો ૧૯:૮-૧૦થી કઈ રીતે અલગ પડે છે? પાઉલ ડાબી તરફના ઉમેરો કરનાર આગેવાન હોવાથી લઈને જમણી તરફના ગુણાંકારી વૃદ્ધિ કરનાર આગેવાન બનવા તરફ કેવી રીતે ફરે છે?
- ૧૦મી કલમ પ્રમાણે પાઉલની એફેસસમાંની સેવાના કયા ખાસ પરિણામો આવ્યાં? પ્રક્ટીકરણ ૨-૩માંની સાત મંડળીઓ સાથે આ કેવી રીતે સંબંધ ધરાવે છે?
- ઈશ્વર પ્રેરિત કલ્પના કરો કે, તુરાનસની શાળામાં રોજ શું બનતું હશે કે જેના કારણે ૧૦મી કલમ પ્રમાણે પરિણામ આવ્યું? આ ગુણાકારી વદ્ધિ પામતી મેન્ટરીંગ ની સેવા આજે તમારા માટે કઈ રીતે નમૂનારુપ થઈ શકે?

નીચેના પ્રશ્નોથી પૂરું કરો:

- શું ઈસુએ કે પાઉલે ક્યારેય પણ જથ્થાબંધ આગેવાનો બનાવવાનો પ્રયત્ન કર્યો હતો? શા માટે અથવા શા માટે નહિં?
- આજની સુવાર્તાનુકુલ મંડળીમાં કયો આગેવાન વધુ ધ્યાન ખેંચે છે: જે ઉમેરો કરે છે તે આગેવાન, કે જે ગુણાકારી વૃદ્ધિ કરે છે તે આગેવાન? એક કે બે ઉદાહરણો આપીને તમારો જવાબ સમજાવો?
- આ વિધાન સાથે તમે સંમત છો કે કેમ તે વિષે તમારો પ્રત્યુતર બીજાંઓ સાથે વહેંચો: જો કોઈ આગેવાન હેતુપૂર્વક એવાં આગેવાનો કે જેઓ બીજાં આગેવાનોને તૈયાર કરે તેવા આગેવાનો તૈયાર કરતો નથી તો તે ઈસુને કે તેમના નમૂનાને અનુસરતો નથી.

### *એક દ્દષ્ટિપાત… ગુણાંકારી વૃદ્ધિના મૂલ્ય સ્થાનાંતર પર*

## આ મૂલ્યના સ્થાનાંતર વિષે તમારા નાના જૂથમાં નીચેના પ્રશ્નોની ચર્ચા કરો:

1. આ મૂલ્ય સ્થાનાંતર ખરેખર છે શું? તમારા પોતાના શબ્દોમાં તે વ્યક્ત કરો.
2. આપણા પ્રદેશમાં આગેવાનીની સંસ્કૃતિ માં આ મૂલ્ય સ્થાનાંતર સંબંધી તમારૂં મંતવ્ય શું છે?

©2012 MentorLink International. All Rights Reserved 

# રૂપાંતરકારી મૂલ્ય – ૫ અંગત મૂલ્યાંકન

નીચે દર્શાવેલ રૂપાંતરકારી મૂલ્યોમાં તમે તમારા વિચારોમાં, મૂલ્યોમાં અને આચરણમાં ક્યાં છો તેનું મૂલ્યાંકન કરો. ડાબા-જમણા બન્ને વિધાનોની જોડીમાં તમે ક્યાં છો તે દર્શાવવા મધ્યના ખાનાંઓમાં આપેલ કોઈ એક આંકડા પર વર્તુળ કરો. ઉદાહરણ તરીકે જો ડાબી તરફના ખાનામાં આપેલું વિધાન તમને મોટેભાગે લાગુ પડે છે તો "૧" આપો; અને જો જમણી તરફનું ખાનું લાગુ પડે છે તો "૧૦" આપો; અને જો તમે બન્ને વિધાનોની વચ્ચે છો તો "૫". સૌથી નીચે આપેલ લાગુકરણનાં પ્રશ્નોનાં પ્રત્યુત્તર પણ આપશો.

| આકસ્મિત ઉમેરા થી ... | | ...હેતુપૂર્વક ગુણાકારી વૃદ્ધિ તરફ |
|---|---|---|
| નોંધપાત્ર સંખ્યામાં લોકો હોય અને તેઓને અહેવાલમાં મૂકવા એ મારું સ્વપ્ન છે. હું અંકુશ મારા હાથમાં રાખવા માંગુ છું. | **ગુણાંકારી વૃદ્ધિ માટે દર્શન**<br>૧-૨-૩-૪-૫-૬-૭-૮-૯-૧૦ | મારું દર્શન છે કે હું ઘણાને ખ્રિસ્તની પાસે આવતા જોઉં અને તે એવા આગેવાનોને તૈયાર કરીને કે જેઓ બીજા આગેવાનોને ઉભા કરે કે જેઓ ચળવળો શરુ કરવામાં તથા તેને વેગ આપવામાં મદદ કરે |
| કોઈની સેવામાં સંખ્યાનો વધારો તે સેવાની સફળતાનું સૌથી મહત્વનું પાસું છે | **સંખ્યાનો મોહ**<br>૧-૨-૩-૪-૫-૬-૭-૮-૯-૧૦ | બીજાઓને આગેવાન તરીકે તૈયાર કરે તેવા નાની સંખ્યામાં આગેવાનોનો વિકાસ એ લાંબા સમયની ગુણાકારી વૃદ્ધિની ચાવી છે |
| ઉભરતા આગેવાનોનું મેન્ટરીંગ કરવા માટે મારી પાસે આવડત, રુચિ અને સમય નથી. હું તો ખૂબ જ વ્યસ્ત છું | **મેન્ટરીંગ ની અગ્રિમતા**<br>૧-૨-૩-૪-૫-૬-૭-૮-૯-૧૦ | ઉભરતા આગેવાનોનું મેન્ટરીંગ કરવાની બાબતને હું અગ્રિમતા આપું છું કારણ કે તે લાંબા ગાળાની અસરકારકતાની ચાવી છે |
| મને મારા કૃપાદાનો વાપરવાની એટલી મઝા આવે છે કે હું મારી સેવાને ઉભરતા આગેવાનોને સોંપી શકું નહિ | **સેવાનો સંતોષ**<br>૧-૨-૩-૪-૫-૬-૭-૮-૯-૧૦ | યુવા આગેવાનોને ખીલતા જોવાની ખુશી ખાતર હું મારી કેટલીક અંગત સેવાનો સંતોષ જતો કરું છું |
| અમે અમારી સેવામાં આગેવાની માટે મોટેભાગે બાઈબલ સ્કુલ કે બીજાઓ દ્વારા પ્રશિક્ષિત લોકોનો ઊપયોગ કરીશું | **આગેવાનીનો વિકાસ**<br>૧-૨-૩-૪-૫-૬-૭-૮-૯-૧૦ | અમે અમારા પોતાના આગેવાનોને સર્વાંગી વ્યક્તિત્વ પર ધ્યાન આપીને પ્રશિક્ષિત કરીએ છીએ: હૃદય, આવડત અને જ્ઞાન |
| અમે નેતૃત્વ તાલિમ કાર્યક્રમ દ્વારા બાઈબલનું જ્ઞાન અને સેવાની આવડત આપી શકીએ છીએ | **ચારિત્ર્ય રુપાંતર**<br>૧-૨-૩-૪-૫-૬-૭-૮-૯-૧૦ | અમે લોકોનું મેન્ટરીંગ કરીએ છીએ, કારણ કે તે ઈશ્વરીય ચારિત્ર્ય ઢાળવા માટેની ચાવી છે. અસરકારક આગેવાની તથા બીજા આગેવાનો તૈયાર કરવા માટે આ મહત્વનની બાબત છે |
| અમારે વધુ આગેવાનોની જરુર છે, પરંતુ હું મારી સેવામાં એટલો બધો વ્યસ્ત છું કે તેમ કરવા માટે મારી પાસે સમય જ નથી | **હેતૂસભરતા**<br>૧-૨-૩-૪-૫-૬-૭-૮-૯-૧૦ | થોડા ભાવિ (ઉગતા) આગેવાનોમાં હું મારું જીવન રેડી દેવાનું ધ્યેય રાખું છું. |
| હું પ્રાર્થનામાં વિશ્વાસ કરું છું પરંતુ હું જે કરું છું તેમાં પ્રાર્થનાને કેન્દ્ર સ્થાન આપવા માટે મારી પાસે સમય કે લક્ષ્ય હોય એવું લાગતું નથી | **ગુણાંકારી વૃદ્ધિ માટે પ્રાર્થના**<br>૧-૨-૩-૪-૫-૬-૭-૮-૯-૧૦ | ઈશ્વરની મહાન ચળવળોનાં મૂળ હંમેશાં પ્રાર્થનામાં રહ્યા છે, માટે ઈશ્વર સાથેની વાતચીત એ આપણે કોણ છીએ અને આપણએ શું કરીએ છીએ તેનું હાર્દ છે. |

## લાગુકરણ:

- આ રૂપાંતરકારી મૂલ્યનાં ડાબી તરફથી જમણી તરફના સ્થાનાંતર વિષે તમારા અંગત મૂલ્યાંકનના આધારે તમારે કયા ફેરફાર કરવાની અગત્ય છે તે વિષે ઈશ્વર તમને શું કહે છે?
- કઈ બાબત તમને ડાબી તરફના કોઠામાં "જકડી" રાખે છે? કયો ભય? કયા ભૂતકાળના અનુભવો?
- તમારા માટે ખરો પસ્તાવો કેવો હશે?

©2012 MentorLink International. All Rights Reserved

**ખાસ સેશન:**

## કુટુંબમાં મેન્ટરીંગ

“એક અધ્યક્ષ પોતાનાં ઘરનાંને સારી રીતે ચલાવનાર, પોતાનાં છોકરાંને પૂર્ણ ગાંભીર્યથી આધીન રાખનાર એવો હોવો જોઈએ; કેમ કે જો કોઈ માણસ પોતાના ઘરનાંને બરાબર રીતે ચલાવી જાણતો નથી, તો તે દેવની મંડળીની સંભાળ કેવી રીતે રાખશે?”

(૧ તીમોથી ૩:૪-૫)

આગેવાન કે જે ઈસુ ખ્રિસ્ત દ્વારા રૂપાંતર પામી રહ્યો છે તે... એવી વ્યક્તિ છે કે જે પોતાના ઘરમાં ખરેખરી, આધારભૂત ખ્રિસ્તી આગેવાનીનો નમૂનો પૂરો પાડે છે - પોતાના કુટુંબીજનોને પ્રભુ જે બનાવવા માગે તે બનવા અને પ્રભુ જે કરાવવા માગે તે કરવા માટે મોકળાશ અને મદદ પૂરા પાડે છે.

એક પ્રતિષ્ઠિત સંસ્થાકીય વિકાસને લગતી સમિતીમાં કોઈકે સૂચન કર્યું કે કર્મચારીઓના મૂલ્યાંકન ફોર્મમાં કૌટુંબિક જીવનને ચકાસતો વિભાગ ઉમેરવામાં આવે. આને કારણે સભ્યોમાં વિવાદનું થોડું વાવાઝોડું અને અણગમતું વાતાવરણ સર્જાયા. એક વરિષ્ઠ સુવાર્તાનુકુલ અવાજ મોટેથી બોલ્યો: “સેવાની વચમાં કુટુંબને લાવવનાની જરૂર નથી. એને બાજુ પર રહેવા દો.”

શત્રુ શેતાન આપણાં પરિવારો પર હુમલા કરતો રહ્યો છે. અને તેની અસરો ભયજનક છે. આપણી સામે મોટો પડકાર છે.

આપણી મેન્ટરીંગની વ્યાખ્યા સૌ પ્રથમ કુટુંબને સારી રીતે લાગુ પડે છે. અને કુટુંબમાં મેન્ટરીંગ ખુબ જરૂરી છે.

થોડા સમય પહેલાં માજી સૈનિક તરીકે હું ટ્રેનમાં એરફોર્સના એક સાર્જન્ટ સાથે મુસાફરી કરી રહ્યો હતો. વાતવાતમાં સાર્જન્ટે કહ્યું કે તેઓ ખાસ માહિતી વિભાગમાં હતા અને તેમની ફરજના ભાગરૂપે તેમણે સ્ટાફના પરિવારોમાં જો કોઈ સમસ્યા હોય તો તેમાં યોગ્ય કાઉન્સેલીંગ દ્વારા નિરાકરણ લાવવાનું હતું. આની સીધી અસર એરમેનની સેવામાં જોવા મળતી.

ગીતોના ગીત ૧:૬ (બ)માં એક લાલ ઝંડી દેખાય છે: “...તેઓએ મને દ્રાક્ષાવાડીઓની રખેવાળ ઠરાવી; પણ મેં મારી પોતાની દ્રાક્ષાવાડી સંભાળી નથી.”

એલીશાનો ચાકર ગેહજી શૂનામ્મીને પૂછે છે: “તું ક્ષેમકુશળ છે? તારો છોકરો ક્ષેમકુશળ છે?” સર્વસામાન્ય જવાબ મળે છે: “ક્ષેમકુશળ છે” (૨રાજા ૪:૨૬).

### ૧. તમે બરાબર છો? તમારા ઘરેથી બરાબર છે?

**લગ્નનો મુખ્ય હેતુ શું છે?**

એ જ કે પતિ અને પત્નિ - વ્યક્તિગત રીતે અને દંપતિ તરીકે - પ્રભુ ઈસુ ખ્રિસ્તની સમાનતામાં રૂપાંતર પામતા જાય, અને ઈશ્વરની ઈચ્છા પૂરી કરે...



બાઈબલ કુટુંબ માટે ઈશ્વરની યોજનાનું ચિત્ર રજૂ કરે છે. આપણી સંસ્કૃત્તિ અને આપણા રીતિ-રિવાજો ગમે તે હોય, પણ આપણા લગ્નજીવનને માપવા તથા મઠારવા માટે આપણે ઈશ્વર અને બાઈબલના શરણે આવવું જરૂરી છે. ઈશ્વર આખરી અધિકારી તથા સનાતન સત્ય છે. બાઈબલ અચળ માપદંડ છે. આપણા લગ્નજીવનની આશીર્વાદિતતાનો સીધે-સીધો આધાર ઈશ્વર તથા બાઈબલ આધારિત સિદ્ધાંતો પ્રત્યેની આપણી વિશ્વાસયુક્ત આધીનતા પર રહેલો છે.

©2012 MentorLink International. All Rights Reserved

- ઉત્પત્તિ ૧:૧ "આરંભમાં પરમેશ્વરે..." ઈશ્વર સૌપ્રથમ અને સર્વોચ્ચ છે. ઈશ્વર મારા માટે કોણ છે અને ઈશ્વર સાથે મારે શું સંબંધ છે, તેની અસર મારા વિવાહીત જીવન પર થાય છે.
- ઉત્પત્તિ ૧:૨૬-૨૭ "ઈશ્વરે મનુષ્યને પોતાની પ્રતિમામાં બનાવ્યું... તેમણે તેઓને નર અને નારી બનાવ્યા." પુરૂષ અને સ્ત્રી વચ્ચે રહેલી જન્મજાત કુશળતા, આવડત, વર્તન અને શારીરિક ભિન્નતાને બાદ કરતાં, બન્ને ઈશ્વર-સ્વરૂપ સર્જાયેલાં હોઈને, તેઓ વચ્ચે સમાનતા રહેલી છે. બન્નેને સમાન આશીર્વાદ આપવામાં આવ્યો; બન્ને સરખા પતિત થયા અને બન્ને માટે સરખું પ્રાયશ્ચિત કરવામાં આવ્યું. બન્ને સમાન રીતે કૃપાથી વિશ્વાસ દ્વારા ઉદ્ધાર પામે છે; બન્ને સરખી રીતે પવિત્ર આત્માનો વાસો તથા કૃપાદાન પામે છે; બન્ને સરખા અનંતકાલિન મહિમાની વાટ જૂએ છે...
- ઉત્પત્તિ ૨:૧૮ "માણસ એકલો રહે તે સારૂ નથી; હું તેને યોગ્ય એવી એક સહાયકારી ('ezer') સૃજાવીશ." મારી પત્નિ કે મારો પતિ મારા માટે ઈશ્વરની ભેટ છે - જેની પર માલિકી ધરાવી શકાય એવી જાગીર નહીં, કે વપરાશમાં લેવાય એવી વસ્તુ નહીં, પણ મારા માટે અજોડ જીવનસાથી - જોડીદાર. દા.ત. "સંકટને સમયે દેવ હાજરાહજૂર મદદગાર છે" (ગીતશાસ્ત્ર ૪૬:૧). "એલીએઝેર" (નિર્ગમન ૧૮:૪) અને "એબેનએઝેર" (૧ શમૂએલ ૭:૧૨).
- ઉત્પત્તિ ૨:૨૪-૨૫ "...માણસ પોતાનાં માબાપને છોડીને પોતાની પત્નિને વળગી રહેશે; અને તેઓ એક દેહ ('echad') થશે" બે વ્યક્તિઓ હવે એક છે. પુનર્નિયમ ૬:૪ની જેમ. આ પ્રકારનું એક-પણું અને આત્મિયતા અનુભવવા માટે પતિ અને પત્નીએ અન્ય વહાલાંઓ કરતાં એકબીજાને વધારે પ્રાધાન્ય આપવું આવશ્યક છે. વળી બન્નેએ પારદર્શકતામાં અને પરસ્પરના ભરોસામાં વૃદ્ધિ પામવાનું છે.
- એફેસી ૫:૨૧-૩૩ "પત્નીઓ, તમે પોતાના પતિઓને આધીન રહો... પતિઓ, તમે પોતાની પત્નીઓને પ્રેમ કરો..." આધીનતા અરસપરસ અને બિનશરતી તથા બલિદાનયુક્ત - સ્વનકારી છે. પ્રભુ ઈસુએ પોતાના શિષ્યો પર પ્રેમ કર્યો અને તેઓની સેવા કરી. સેવાભાવી આગેવાન (માથ્થી ૨૩:૧૧).
- કલોસી ૩:૧૯ "...પતિઓ, તમે પોતાની પત્નિઓ પર પ્રેમ રાખો. અને તેઓ પ્રત્યે કઠોર ન થાઓ."

  જ્યારે હું..................................................ત્યારે મારી પત્નિને એવું લાગે છે કે હું તેના પ્રત્યે કઠોર છું.
- ૧ પીતર ૩:૭ "...પતિઓ, સ્ત્રી નબળું પાત્ર છે એમ જાણીને તેની સાથે સમજણપૂર્વક રહો; અને તમે તેઓની સાથે જીવનની કૃપાના સહવારસ છો એમ ગણીને, તેને માન આપો, કે જેથી તમારી પ્રાર્થનાઓ અટકાવવામાં ન આવે."

  જ્યારે હું....................................................ત્યારે મારી પત્નિને એવું લાગે છે કે મેં તેને માન આપ્યું.
- ગલાતી ૩:૨૮ "માટે હવે યહુદી કે બિનયહૂદી કોઈ નથી, દાસ કે સ્વતંત્ર કોઈ નથી, પુરૂષ કે સ્ત્રી કોઈ નથી, કેમ કે તમે બધા ખ્રિસ્તમાં એક છો." મારી પત્નિ મારી સમોવડી હોવાનું અનુભવી શકે તે માટે હું માનું છું કે મારે ................................

## ૨. તમારાં બાળકો બરાબર છે?

"શું પ્રભુએ તેમને (પતિ અને પત્નિ) એક નથી બનાવ્યા? દેહ અને આત્મામાં તેઓ એક છે. એક શા માટે?

તને બાળકો થાય, અને પછી તું તેમને પ્રભુના લોક બનવા દોરે, તે માટે, તારી પત્નિ સાથે કદી પણ વિશ્વાસઘાત કરીશ નહીં." (માલાખી ૨:૧૫)



©2012 MentorLink International. All Rights Reserved 

- ઉત્પત્તિ ૧:૩૧ “જુઓ, તે ઉત્તમોત્તમ.” કોઈ એક દંપતિ પ્રભુમાં હોઈને - બાળક વગર કે બાળક થયા પહેલા - સંપૂર્ણ કુટુંબ જ છે.
- ગીતશાસ્ત્ર ૧૩૯:૧૩-૧૮ દરેક બાળકને ઈશ્વર “ભય તથા આશ્ચર્ય પમાડે તેવી રીતે રચે છે.” આપણે બાળકને એ જ રીતે સ્વીકારીએ અને ઉછેરીએ.
- પુનર્નિયમ ૬:૪ -૯ (‘Shema’) “હે ઈસ્રાએલ, સાંભળ: યહોવાહ આપણો દેવ તે એકલો જ યહોવાહ છે. અને યહોવાહ તારા દેવ પર તું તારા પુરા અંતઃકરણથી તથા તારા પૂરા મનથી તથા તારા પૂરા બળથી પ્રીતિ કર. અને આ જે વચનો હું આજે તને ફરમાવું છું તે તારા અંતઃકરણમાં ઠસી રહે; અને તે તું ખંતથી તારાં છોકરાંને શીખવ. ને જ્યારે તું ઘરમાં બેઠો હોય, ને જ્યારે તું રસ્તે ચાલતો હોય, ને જ્યારે તું સુઈ જાય ને જ્યારે તું ઉઠે, ત્યારે તે વિષે વાત કર. અને તું તેમને નિશાની તરીકે તારે હાથે બાંધ, ને તારી આંખોની વચ્ચે ેમને કપાળભૂષણ તરીકે રાખ. અને તું તેમને તારા ઘરની બારસાખો ઉપર તથા દરવાજા ઉપર લખ.”
- નીતિવચનો ૨૨:૬ “બાળકે જે માર્ગમાં ચાલવું જોઈએ તેમાં ચાલવાનું તેને શિક્ષણ આપ, એટલે તે વૃદ્ધ થશે ત્યારે તેમાંથી તે ખસશે નહીં.”
- એફેસી ૬:૪ “વળી પિતાઓ, તમારાં છોકરાંને ચીડવો નહી; પણ પ્રભુના શિક્ષણમાં તથા બોધમાં તેઓને ઉછેરો.”

**“આજથી પચાસ વર્ષ બાદ, તમે કેટલા મોટા ઘરમાં રહેતા હતા, કે કઈ કાર હંકારતા હતા, કે કઈ બેંકના તમારા ખાતામાં કેટલા પૈસા હતા, એ બાબત મહત્વની નહીં હોય. પણ દુનિયા કંઈક જુદી હશે કારણ કે તમે કોઈક બાળકના જીવનમાં ખાસ રસ લીધો હતો.”**

**લાગુકરણ:**

૧) એક ભારતીય ખ્રિસ્તી આગેવાને કોઈક આંતર-રાષ્ટ્રીય લીડર્સ કોન્ફરન્સમાં પોતે પ્રભુ સાથે કરેલો કરાર જાહેર કરતા કહ્યું “ખ્રિસ્ત સેવામાં હું કદી મારી પત્નિના અટૂલાપણાની સીડી પર પગ ટેકવીને આગેવાનીની ઊંચાઈએ પહોંચવાનું પસંદ નહીં કરૂં.” આ વિષે તમારા મંતવ્યોની નાનાં જૂથમાં ચર્ચા કરો.

૨) મેન્ટરીંગની વ્યાખ્યા તથા રૂપાન્તરકારી મૂલ્યોમાં સ્થાનાંતરને તમારા કૌટુંબિક જીવનનાં સંદર્ભમાં જોવાનો પ્રયત્ન કરો.

- મારૂં કુટુંબ - કોનું રજવાડું?
- મારા ઘરનું વાતાવરણ વધારે કાયદા - કાનૂનવાળું છે કે કૃપાયુક્ત છે?
- હું મારી જાતને જોહુકમી નહીં, પણ સેવાભાવી આગેવાન સમજુ છું. મારા પરિવારના લોકોનો મત શું છે?
- હું મોટાભાગના નિર્ણયો મારી પત્નિ અને બાળકોને પૂછીને લઉં છું - અમે એક ટીમ છીએ.કે પછી મારા ઘરમાં મારૂં એકહથ્થુ શાસન ચાલે છે?
- મારા કુટુંબનું મેન્ટરીંગ કરવા માટે હું નીચે મુજબ ચોક્કસ પગલાં લઈશ.

............................................................

............................................................

... .......................................................

પ્રભુ તમને આશિષ આપો અને તેમનું ગૌરવ તમારા તંબુ ઉપર છવાયેલું રહો...

©2012 MentorLink International. All Rights Reserved

# વિભાગ ૩ – ખ્રિસ્ત-કેન્દ્રિત આગેવાનો વિકસાવવાની કુશળતા
## તમારી જીવનકથા કહેવી

### જીવન ઝરમર માં રહેલું સામર્થ્ય

- દુનિયાની દરેક સંસ્કૃતિમાં ઈતિહાસને વહેતો રાખવા તથા મૂલ્યોનું ઘડતર કરવા માટે વાર્તા એ પૂરાતનકાળથી ચાલ્યું આવતું સાધન છે.
- વાર્તા હૃદય, લાગણીઓ અને કલ્પના તેમજ મનને સ્પર્શે છે.
- ઈશ્વર તમારા જીવનમાં કેવી રીતે કાર્ય કરે છે તે વિષેની તમારી સાક્ષી (વાર્તા)એ તો સુવાર્તાના સામર્થ્યની વ્યવહારુ અને સચોટ જાહેરાત છે.

### જીવન ઝરમર માટે બાઈબલનું ઉદાહરણ

- ફીલીપ્પી ૩:૪-૧૬ માં પાઉલની વાર્તા વાંચો. પોતાની અંગત વાર્તા કે ઈતિહાસ કહેવા પાછળ પાઉલનો શું હેતુ હશે? એ વિષેના તમારા વિચારો નીચે નોંધો.

### (કોઈક ઉદાહરણ તરીકે પોતાની વાર્તા કહેશે)

તમારી પોતાની વાર્તા વ્યવસ્થિત ગોઠવીને કહેવાની તક ઝડપી લો. ધ્યાનમાં રાખો...

- કુટુંબની પાર્શ્વભૂમિકાની બાબતો.
- તમારું પોતાનું ભંગિતપણું.
  1. તેમાં ભાગ ભજવેલ તમારી પોતાની નિષ્ફળતાઓ.
  2. તમને ભાંગી નાખનાર જીવનના એવા બનાવો કે જેની પર તમારું કોઈ નિયંત્રણ ન હતું.
- આપણા ઈશ્વર કેવી રીતે તમારા જીવનમાં સાજાપણું લાવ્યા છે?
- ઈશ્વર તમને કેવી રીતે ચોક્કસપણે "ડાબી તરફથી જમણી તરફ" લઈ જઈ રહ્યા છે?

©2012 MentorLink International. All Rights Reserved

# મેન્ટરીંગ માટે કુનેહ: મેન્ટરીંગ સંબંધોની શરુઆત કરવાનાં પગથિયા

આરંભ કરવા માટે આ સૂચિત પગથિયાં વાંચો.
જમણી બાજુ આપેલ હાંસિયામાં તમારી નોંધ અને અવલોકન લખો.

૧. **પ્રાર્થના કરો** અને બીજાઓનું મેન્ટરીંગ કરવામાં કિંમત ગણો. તમારા મેન્ટરીંગ જૂથમાં કોણ હોવું જોઈએ તેની પસંદગી માટે ઈશ્વર પાસે ડહાપણ માંગો (લુક ૬:૧૨-૧૩)

૨. **નક્કી કરો** કે તમારે કયા પ્રકારનો મેન્ટરીંગ સંબંધ જોઈએ છે – જરુર છે. જુવાન, સમોવડિયા કે વરિષ્ઠ મેન્ટર શોધી કાઢો.

૩. એકથી પાંચ લોકો **પસંદ કરીને મેન્ટરીંગ જૂથ બનાવો.** "વિશ્વાસુ વ્યક્તિઓ" શોધી કાઢો (૨ તીમોથી ૨:૨, લુક ૬:૧૪-૧૫). આ લોકોને તમારા આત્મિયતા તથા પ્રભાવના વર્તુળ - કુટુંબીજનો, મિત્રો, સહકર્મીઓ, સરખો રસ ધરાવનારાઓમાંથી – પસંદ કરો.

૪. **સંબંધો બાંધવા** તમારા જૂથ સાથે **એકધારો સમય વિતાવો** (૧ થેસ્સા.૨:૭-૧૨)
   - તમારા ઘરે નોકરી કરવાના સ્થળે, બસ આમ જ સાથે મળો.
   - સાથે મળવાનો નિયમિત સમય નક્કી કરો – મુલાકાત ગોઠવો.
   - એકબીજા સાથે મજાક-મસ્તી કરો.
   - સેવા કરવામાં સાથે રહો
   - એકબીજા સાથે તમારી અંગત વાર્તા વહેંચો. પારદર્શકતા બતાવો

૫. ધ્યાનપૂર્વક સાંભળવા દ્વારા અને વિચારશીલ પ્રશ્નો પૂછવા દ્વારા **એકબીજાના હૃદયોને સમજો.** (યાકુબ ૧:૧૯)

૬. તમારા જીવનોનાં જરુરિયાતમંદ ચાવીરુપ પાસાંઓમાં ઈશ્વરના ઉત્તર શોધવા માટે **સાથે મળીને બાઈબલ અભ્યાસ કરો**. ઉત્તેજન અને વિચાર-વિનિમય માટે **સાથે મળીને કાઈ પુસ્તક વાંચવાનું** પસંદ કરો

૭. એકબીજાનાં જીવનોમાં **ઈશ્વરનાં કૃપાદાનો અને તેડા** ઓળખો તથા પ્રગટાવો.

૮. **તમારી નિર્બળતાના પાસાંઓનો સામનો કરો અને તેમાં વૃદ્ધિ પામો** – આ એવી બાબત છે કે જે તમારા તેડાને પરિપૂર્ણ કરવામાં આડે આવે છે. વળી ઈશ્વર તમને જે બતાવે છે તે માટે એકબીજાને હિસાબદાર ઠરાવો.

૯. **બીજા મેન્ટરીંગ જૂથો શરુ** કરવાનું આયોજન રાખો.

૧૦. તમારા કોઈ વિચારો.

©2012 MentorLink International. All Rights Reserved

# વિભાગ ૪ – ખ્રિસ્ત-કેન્દ્રિત આગેવાનોની ચળવળ વિકસાવવામાં ઈશ્વર સાથે સહકાર સાધવો

તમારા પોતાના જીવનમાં અને ઈશ્વરે તમને જે સેવામાં સામેલ કર્યા છે તેમાં તાણા-વાણા ખેંચવાનો સમય આવી ગયો છે.

Passing it On! તાલિમના અંતે આપણું ધ્યેય એ છે કે જેથી તમે એક Action Plan બનાવો કે જે તમને હાલ જ્યાં છો ત્યાંથી તમે કયાં હોવા જોઈએ, ત્યાં લઈ જાય. પરંતુ આ કરતા પહેલાં આપણે જોઈએ કે બાઈબલ મેન્ટરીંગ ની ચળવળ વિષે શું કહે છે, અને તેની અસર આપણી પર તથા આપણે જેઓને આગેવાની આપીએ છીએ તેઓ પર શું થશે.

## બાઈબલમાં ઈશ્વરની ચળવળો અને આજની ચળવળો

જૂના અને નવા કરારમાંની ચળવળનાં કેટલાંક ઉદાહરણો:

**જૂના કરારમાંની ચળવળ**

- યહોશુઆ
- દાઊદ
- આસા/હઝકીએલ/યોશીયાહ
- એઝરા /નહેમ્યાહ
- એસ્તર/મોર્દખાઈ
- દાનિયેલ અને મિત્રો

**નવા કરારમાંની ચળવળ**

- યોહાન બાપ્તિસ્મી/ઈસુ
- સમરુન (યોહાન ૪ અને પ્રેરિતોનાં કૃત્યો ૮)
- યરુશાલેમ (પ્રેરિતોનાં કૃત્યો ૨)
- પાઉલની મંડળી રોપણની સેવા
- એફેસસ (પ્રેરિતોનાં કૃત્યો ૮-૧૦)
- થેસ્સાલોનિકા (૧ થેસ્સા. ૧:૭-૮)

## જમીનનું દૃષ્ટાંત અને ચળવળો: માથ્થી ૧૩:૧૮-૨૩

આ દૃષ્ટાંત સામાન્ય રીતે સુવાર્તાપ્રચારના અર્થમાં લેવાય છે. પરંતુ ઈસુ અહીં જે બોલ્યા તે દ્વારા ચળવળના અર્થમાં તેઓ આપણને શું કહેવા માંગે છે તે સાંભળો:

હવે વાવનારનું દૃષ્ટાંત સાંભળો. જ્યારે રાજ્યનું વચન કોઈ સાંભળે છે, ને નથી સમજતો, ત્યારે શેતાન આવીને તેના મનમાં જે વાવેલું છે તે છીનવી લઈ જાય છે; રસ્તાની કોરે જે બી વાવેલું તે એ જ છે. અને પથ્થરવાળી ભોંય પર જે બી વાવેલું તે એ છે કે, તે વચન સાંભળીને તરત હર્ષથી તેને માની લે છે. તોપણ તેના પોતામાં જડ નહિ હોવાથી તે થોડી જ વાર ટકે છે અને જ્યારે વચનને લીધે વિપત્તિ અથવા સતાવણી આવે છે, ત્યારે તરત તે ઠોકર ખાય છે. અને કાંટાના જાળાંમાં જે બી વાવેલું તે એ છે કે, તે વચન સાંભળે છે, પણ આ જગતની ચિંતા તથા દ્રવ્યની માયા વચનને દાબી નાંખે છે, ને તે નિષ્ફળ થઈ જાય છે. અને સારી ભોંય પર જે બી વાવેલું તે એ છે કે, તે વચન સાંભળે છે, ને સમજે છે, ને તેને નિશ્ચે ફળ લાગે છે, એટલે કોઈને સોગણાં, તો કોઈને સાઠગણાં, અને કોઈને ત્રીસગણાં લાગે છે.

- પહેલી ત્રણ જમીનમાં શું સમસ્યાઓ હતી? આનો ચળવળોની શરુઆતને કે વિકાસને અવરોધતી બાબતો સાથે શો સંબંધ છે?
- ચોથા પ્રકારની જમીન કેવી રીતે ચળવળને પ્રસ્તુત કરે છે? તમે શું માનો છો કે શા માટે ઈસુએ જુદાં જુદાં પરિણામો વિષે કહ્યું હશે?
- આ દૃષ્ટાંત પરથી, ચળવળો વિષે તમને બીજા કયા વિચારો આવે છે?

©2012 MentorLink International. All Rights Reserved 

## સંસ્થાઓ અને ચળવળો વચ્ચેનો તફાવત

નાના જૂથોમાં, સંસ્થાઓ અને ચળવળો વચ્ચેના તફાવતોની નોંધ લો બધા જોઈ શકે એ રીતે તમારા અવલોકનો બોર્ડ પર મૂકો. તમને વિચારવામાં મદદરુપ થવા કેટલાક મુદ્દા નીચે બન્ને ખાનામાં આપ્યા છે.

| સંસ્થાઓ | ચળવળો |
|---|---|
| ૧. કાર્યક્રમો | ૧. સંબંધો |
| ૨. સંખ્યા સૌથી મહત્વની છે | ૨. ગુણવત્તા સૌથી મહત્વની છે |
| ૩. ઉપરથી નીચે તરફ આગેવાની | ૩. નીચેથી ઉપર તરફ Grassroot આગેવાની |
| ૪. સંસ્થાકીય | ૪. સજીવ તંત્ર |
| ૫. બીજાઃ તમારા વિચારો નીચે લખો... | ૫. બીજાઃ તમારા વિચારો નીચે લખો... |

## બાઈબલમાંની ચળવળો વિષે કેટલાક આખરી મુદ્દા...

- તેના મૂળ પ્રાર્થનામાં ઈશ્વર આગળ થોભવામાં લાગેલા હતાં:
  1) પ્રેરિતોનાં કૃત્યો ૧:૪ પ્રેરિતોનાં કૃત્યો ૨:૧-૪૭માં દોરી જાય છે (ગુણાકારી સંખ્યામાં ખ્રિસ્તના અનુયાયીઓ)
  2) પ્રેરિતોનાં કૃત્યો ૧૨:૫ પ્રેરિતોનાં કૃત્યો ૧૨:૬-૧૭માં દોરી જાય છે (ઈશ્વરના પીડાતા સેવકનો દિવ્ય છુટકારો)
  3) પ્રેરિતોનાં કૃત્યો ૧૩:૧-૩ પ્રેરિતોનાં કૃત્યો ૧૩:૪-૧૪:૨૮માં દોરી જાય છે (ગુણાકારી મંડળીઓ)
- બે પ્રકારના આગેવાનો નેતૃત્વ આપતા – મુખ્ય સરદાર અને ઉદ્દીપકઃ
  4) એસ્તર (દૃશ્યમાન સરદાર) અને મોર્દખાઈ (અદૃશ્ય ઉદ્દીપક)
  5) નહેમ્યાહ (દૃશ્યમાન સરદાર) અને એઝરા (અદૃશ્ય ઉદ્દીપક)
  6) ઈસુ (દૃશ્યમાન સરદાર) અને યોહાન બાપ્તિસ્મી (અદૃશ્ય ઉદ્દીપક)
  7) પાઉલ (દૃશ્યમાન સરદાર) અને બાર્નાબાસ (અદૃશ્ય ઉદ્દીપક)
- સામાન્ય રીતે બે પેઢીઓથી વધુ ચાલી નહિં:
  8) મુસા અને યહોશુઆ, ત્યારબાદ ન્યાયાધીશો ૨:૧૦
  9) દાઉદ અને સુલેમાન, ત્યારબાદ ૧ રાજાઓ ૧૧
  10) પ્રેરિતોનાં કૃત્યો ૧૯:૮-૧૦ (પ્રથમ પેઢીની એફેસીઓની નવી મંડળી) અને પ્રકટીકરણ ૨:૧-૭ (બીજી પેઢીની જૂની મંડળી)

## છેલ્લે તમારા નાના જૂથમાં, આપણા પ્રદેશમાં અથવા તમારા સેવાક્ષેત્રમાં ચળવળ કેવી હોવી જોઈએ તેનું વર્ણન કરો અને નોંધ કરો:

©2012 MentorLink International. All Rights Reserved

# ACTION PLANS

ઈશ્વરે આ દિવસો દરમિયાન તમારા જીવન સંબંધી અંગત રીતે મહત્વની શું વાત કરી?

૧.

૨.

૩.

ઈશ્વરે અંગત રીતે તમને જે કરવાનું કહ્યું તેને અમલમાં મૂકતાં અટકાવરુપ મુખ્ય બાબતો કઈ છે?

૧.

૨.

૩.

તમારા સ્વર્ગીય મેન્ટર - પવિત્ર આત્માના સહકારમાં, તમારી મેન્ટરીંગ જીવનશૈલીની શરુઆત કે વૃદ્ધિ કરવામાં તમને એવી કઈ બાબતોમાં તાકીદે ધ્યાન આપવાનું જરુરી જણાય છે?

૧.

૨.

૩.

તમારા શકય / ભાવિ મેન્ટરીંગ સંબંધો કયા છે? (કુટુંબના સભ્યો સહિત)

- સમોવડિયું મેન્ટરીંગ જૂથઃ ______________________ ______________________
  ______________________ ______________________
  ______________________ ______________________
- "તીમોથીઓ": ______________________ ______________________
- "પાઉલો": ______________________ ______________________
- " બાર્નાબાસ ": ______________________ ______________________

મેન્ટરીંગ કરવાની કે તે મેળવવાની શરુઆત કે વૃદ્ધિ કરવામાં જે અમુક બાબતો તમે કરી શકો છો તેની યાદી બનાવોઃ

૧.

૨.

૩.

©2012 MentorLink International. All Rights Reserved

**હવે તમારી સેવાના કે સંસ્થાના બીજા સભ્યો સાથે ભેગા મળો. વિચાર કરો અને નીચેની બાબતો વિષે તમારા પ્રત્યુત્તરોની નોંધ કરો:**

ઈશ્વરે આ દિવસો દરમિયાન તમારી સેવા કે સંસ્થા સંબંધી મહત્વની શું વાત કરી?

૧.

૨.

૩.

ઈશ્વરે આગેવાનો તરીકે તમને જે કહ્યું તેને અમલમાં મૂકવામાં સંસ્થાકીય રીતે અટકાવરુપ મુખ્ય બાબતો કઈ છે?

૧.

૨.

૩.

તમારા સ્વર્ગીય મેન્ટર – પવિત્ર આત્માના સહકારમાં, મેન્ટરીંગ વાતાવરણ તરફ વળવામાં કે તેમાં વૃદ્ધિ પામવામાં તમારી સંસ્થાએ કઈ બાબતોમાં તાકીદે ધ્યાન આપવાનું જરુરી જણાય છે?

૧.

૨.

૩.

તમારી સંસ્થામાં મેન્ટરીંગની શક્ય શરુઆત કે વૃદ્ધિ થઈ શકે તે માટે તમારી સંસ્થાએ શું કરવું જોઈએ?

૧.

૨.

૩.

©2012 MentorLink International. All Rights Reserved

**આ તાલિમ કેવી રીતે વધુ અસરકારક બનાવી શકાય તેને લગતા સૂચનો મેન્ટરલીંકની ટીમને લખીને આપશો...**

૧.

૨.

૩.

©2012 MentorLink International. All Rights Reserved

www.mentorlink.org

©2012 MentorLink International. All Rights Reserved